અચુક પુસ્તકાલયનું

ચૈત્રી સંવત ૧૯૫૭ નું

ભવીષ્ય ફળ.

જેમાં

દેશ, વરસ, અનાજ, ઘાસ, રૂ, ધાતુ, રસકસ, તેલ, ઘી, ગોળ, વગેરે દરેક વસ્તુની તેજી મંદી તથા સુકાળ દુકાળનો નિર્ણય કરેલો છે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

શ્રી "રામકૃષ્ણ" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરીવલ્લભદાસે છાપ્યું.

ઠે. પાંચ કુવા નવા દરવાજે—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

સને ૧૯૦૦. સંવત ૧૯૫૬

કીંમત બે આના.

પ્રસ્તાવના અને ગ્રાહકોને સુચના

આ દેશમાં બીજા ઉદ્યોગો જોઇએ તેવા પ્રચારમાં ન આવેલા હોવાથી લોકોના જીવનનો આધાર ઘણા ભાગે ખેતીવાડીથી થતી પેં-દાશના વ્યાપાર ઉપરજ રહેલો છે, અને તેથી દરેક આવતું ચોમાસું. આવતું વર્ષ કેવું નિકળશે તે અગાઉથી જાણી લેવાની જીજ્ઞાસા જન સમાજમાં ઘણા સમયથી ચાલતી આવતી જોવામાં આવે છે. તેમાં વળી આજ કાલ સટ્ટાનો વ્યાપાર ચોગમ સ્થળે સ્થળે પ્રસરી રહેલો હોવાથી એ જીજ્ઞાસામાં વધારો થયો છે. અને તેથી એ સંબં-ધમાં ભરોસો રાખી શકાય એવા ભવિષ્યફળનું પુસ્તક દરસાલ પ્રગટ કરવાનો પ્રયત્ન કરવા કેટલાએક ગ્રાહકો તરફથી વારંવાર આગ્રહ થ-વાથી તેઓના સંતોષાર્થે પ્રખ્યાત જ્યોતિષીઓ પાસે તૈયાર કરાવી બે ત્રણ વર્ષથી આ પુસ્તક પ્રગટ કરવામાં આવે છે. જેનો જનસમાજમાં સારો ઉપયોગ થતો જણાયાથી આ વર્ષે પણ વેળાસર પ્રગટ કર-વામાં આવ્યું છે.

ગયાં વર્ષો કરતાં આ વખતની આવૃત્તિમાં ઘણો સુધારો વધારો કરવામાં આવ્યો છે. દરેક મહીનાઓના જુદા જુદા યોગો ઉપરથી વર્તાવામાં આવતાં જુદાં જુદાં ફળો ઉપરથી તે મહીનાને માટે એકં-દરે ખરૂં ફળ શું સમજવું તે બદલ ગ્રાહકોને અડચણ પડતી હોવાથી આ વખતે દરેક યોગોનાં જુદાં જુદાં ફળોનો એકંદર સારાંશ જુદો તારવી કાઢવામાં આવ્યો છે. તેમજ આગલી આવૃત્તિઓમાં માત્ર વ્યાપારની ચીજોનુંજ ભવિષ્ય વર્તાવામાં આવતું હતું. તેના બદલે આ વખતે દરેક મનુષ્યના દેહ, વ્યાપાર, ઉદ્યોગ વિગેરે ઉપર પણ તે યો-ગોની શું અસર થશે, તે દરેક રાશિવાર દરેક મહીનાને માટે વધારે

વર્ણવામાં આવ્યું છે. વળી ચોમાસાનો વર્તારો મોખમ ન રાખતાં કુમહા નક્ષત્રવાર દરેક દેશ માટે પૃથક્ પૃથક્ વિસ્તાર પૂર્વક વર્ણવી એકંદર સારાંશ આપવામાં આવ્યો છે. મહીનાઓની સુદ, વદનો ક્રમ મારવાડી રીત મુજબ ન રાખતાં ગુજરાતી રીત પ્રમાણે રાખવામાં આવ્યો છે, છતાં પણ કદાચ ભૂલ થાય એમ ધારી ઇંગ્રેજી તારીખ, માસ જોડવામાં આવ્યાં છે. તેમજ બીજો પણ યોગ્ય સુધારો વધારો કરવામાં આવ્યો છે, જેથી પાછલાં વર્ષો કરતાં આ વખતનું પુસ્તક વધારે ઉપયોગી થઇ પડશે એવી આશા રાખવામાં આવે છે.

આ પુસ્તકમાં કહેલા ભવિષ્યફળ પૈકી નો કેટલો વર્તારો પોતાના અનુભવમાં સાચો આવ્યો અને કેટલો અસત્ય ઠર્યો. વર્ષાદ પાણી પોતાનો ત્યાં કેવાં થયાં, વ્યાપાર ઉદ્યોગની તેજી મંદીની સ્થિતિ કેવી રહી વિગેરે હકીકત આ પુસ્તકનો ઉપયોગ કરનાર દરેક ગ્રાહક જો દરવર્ષે લખી મોકલવાને કૃપાવંત થશે તો તે ઘણા આનંદથી સ્વિકારી આભાર માનવામાં આવશે. કારણ કોઇ પણ સર્વજ્ઞ નહોતાં મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે, અને તેથી એવો અનુભવ લખાઇ આવવાથી નવિન વર્ષ માટે ઘટતો સુધારો વધારો કરવામાં સહાય રૂપ થઇ પડશે.

——::o::——

શાકે ૧૮૩૫


ચૈત્રી સંવત ૧૯૭૦ ની સાલનું.

ભવિષ્ય ફળ.

॥ ॐ श्री ॥

चैत्रे पुण्यमये वसंत समये नव्यं फलं वार्षिकम् ।
नित्यंय श्रृणुयादघौघ दलनं चायु र्यशःश्रीकरम् ॥
वेधाविष्णु हरौ रवीन्दु महिजाः सौम्यांगुरु र्भार्गवो ।
मंदोऽगुः स शस्त्वश्च शत्रुदलनं कुर्वन्तु सर्वे ग्रहाः ॥ १ ॥

॥ अथ वर्ष प्रवेश लग्न चक्रम् ॥



વર્ષ પ્રવેશ લગ્નનું ફળ—આ વર્ષ પ્રવેશ વખતે વૃશ્ચિક રાશિ નું લગ્ન છે તેથી તેના ફળની અસર ઉત્તર દિશા તરફ વિશેષ થશે. અને વર્ષ લગ્ન કુંડળીમાંના મંગળ, સૂર્ય રાહુ, બુધ, શુક્ર અને શનિ એ ગ્રહો ઉત્તર, વાયવ્ય અને પશ્ચિમ દિશા તરફ ખગોળમાં ભ્રમણ કરે છે જેથી તે તરફના દેશો ઉપર ઘણીજ ખરાબ અસર કરશે, જેથી ત્યાં વસતાં મનુષ્યોને અનેક પ્રકારની વિટંબણાઓ ભોગવવી પડશે. આ વર્ષમાં વેપારી લોકોને ઘઉં, ગોળ, તેલ, ઘી, ચાંદી અને કપાસના વેપારમાં સારો ફાયદો થશે. કારણ આગળ જતાં એ ચીજોનો ભાવ વધારે તેજ થશે. પ્લેગ, બળીઓ, ફોગળીયું વિગેરે ઉપદ્રવો સાધારણ રીતે ચાલશે, પરંતુ ગયા વર્ષ કરતાં કોલેરાનો ઉપદ્રવ થોડા પ્રમાણમાં રહેશે. આગનો ઉપદ્રવ જ્યાં ત્યાં વિશેષ ચાલશે, તેમજ આગગાડીના અકસ્માતો પણ વિશેષ થશે. વર્ષાદ આખા દેશમાં એક સરખો નહિ વર્ષતાં કોઇ ઠેકાણે અતિશય તો કોઇ સ્થળે ઘણોજ ઓછો એમ ખંડ વૃષ્ટિ થશે. અને એકંદરે ઘણો ઓછો વર્ષશે; જેથી અનાજનો ભાવ ઘણો વધી જશે. આકાશમાં વાદળાં વિશેષ આવશે પરંતુ તેના પ્રમાણમાં વૃષ્ટિ થશે નહિ.

એ મુજબ વર્ષ પ્રવેશ લગ્નનું ફળ છે જે આખા વર્ષ માટે સામાન્ય પણે જાણવું હવે સજ્જનોની સગવડની ખાતર દરેક મહીનાઓના પૃથક પૃથક ફળનો વિચાર કરીએ.

ચૈત્ર મહીનાનું ફળ.

ચૈત્ર સુદી ૧, તા. ૭ એપ્રીલ સને ૧૯૧૩—સોમવારે બેસે છે જેથી પવન અતિશય વાશે, અળસી, ઘઉ, ચોખા એ અનાજ[ના] ભાવ થોડા એક તેજ થશે. આ મહીનામાં વર્ષાદની થોડી ઘણી [?] થશે, જુવાર, બાજરી અને ચોખાનો ભાવ થોડો ઘણો તેજ

[illegible] ચાલતી સ્થિતિમાં આવશે. ઘઉં અને ચણાનો ભાવ નરમ [illegible] થશે. અળસી, તુવર અને કપાસીયાંનો ભાવ તેજ થશે. તલ અને તેલનો ભાવ સાધારણ રહેશે. ઘી ચાંદી અને ગોળનો ભાવ પણ સાધારણ રહેશે, પરંતુ રૂ નો ભાવ તેજ થશે.

ચૈત્ર સુદિ ૬ શનિવાર તા. ૧૨-૪-૧૯૧૩—આ દિવસે મેષ સંક્રાન્તિ બેસે છે તેનું ફળ એવું છે કે ચાંદી, રૂ, કપાસીયા, તેજ થાય, તેમજ તલ, ઘઉં, મોસંબીના બીજ, અને તુવેરનો ભાવ પણ તેજ થાય. બાજરી, જુવાર, ચોખા એમનો ભાવ કંઇક નરમ સ્થિતિમાં રહે. અળસી, તેલ, ઘી અને ગોળનો તથા મરચાંનો ભાવ પણ સાધારણ રહે. ધાણા અને હળદરનો ભાવ નરમ પડે પરંતુ મગફળીનો ભાવ તેજ થાય.

ચૈત્ર સુદિ ૧૦ બુધવાર તા. ૧૬-૪-૧૯૧૩—આ દિવસે શુક્ર વક્રગતિનો થાય છે જે એવું ફળ આપે કે રૂ અને કપાસીયાનો ભાવ ઉતરી જાય, ચાંદી, ચોખા, જુવાર, ગોળ, ઘઉં, તેલ ઘી અને તલનો ભાવ તેજ થાય. તેમાં ગોળનો ભાવ સર્વે કરતાં વધારે વધે.

ચૈત્ર વદી ૧, તા. ૨૧-૪-૧૯૧૩—સોમવારે છે, જેથી રૂ અને કપાસીયાંનો ભાવ મંદ પડે, અને ધાણા, હળદર, મરચાં, મગફળી, અને કોસંબીનો ભાવ તેજ થાય.

ચૈત્ર વદિ ૮ સોમવાર તા, ૨૮-૪-૧૯૧૩—આ દીવસે મીનરાશિનો મંગળ થાય છે જે એવું ફળ આપે કેઃ–તેલ અને ઘીનો ભાવ તેજ થાય, અનાજનો ભાવ સાધારણ રહે, પરંતુ ઘઉં, ચોખા અને જુવારનો ભાવ તેજ રહે. રૂ અને કપાસીયાનો ભાવ મંદ પડી જાય, અળસીનો ભાવ તેજ રહે.

ચૈત્ર વદી ૧૪ સોમવાર તા. ૫ મી મે સને ૧૯૧૩—આ દિવસે મેષ રાશિનો બુધ થાય છે જે એવું ફળ આપે કેઃ—રૂ

કપાસીયાનો ભાવ તેજ થાય, તેમજ તુવેર, તેલ, તલ, મગફળી અને ઘી-નો ભાવ પણ તેજ થાય. ઘીનો ભાવ સાધારણ રહે. ચોખા, જુવાર બાજરી અને અળસીનો ભાવ મંદ પડે, અને ચાંદીનો ભાવ પણ ઉતરે.

જુદાં જુદાં ફળો ઉપરથી આખા મહીનાના ફળનો એ-કંદર સાર—એકંદરે આ મહીનામાં રૂ, કપાસીયા, ચાંદી અને ઘઉં-નો ભાવ તેજ રહેશે. જુવાર, બાજરી, ચોખાનો ભાવ સાધારણ રહેશે. ગોળ, અળસી, વિગેરેનો ભાવ દશ, બાર દિવસ મંદ રહી બા-કીના સમયમાં તેજ રહેશે. તલ, તેલ, મગફળી, ઘી અને તુવેરનો ભાવ તેજ રહેશે, અને મરચાં, ધાણા, હળદર તથા ચણાનો ભાવ નરમ રહેશે. આ મહીનામાં વળી આકાશ વાદળથી છવાયેલું રહી ઘણી ખરી જગ્યાએ વર્ષાદ પણ વર્ષશે.

જુદી જુદી રાશિના નામવાળાં મનુષ્યોને આ મહીનાનું શુભાશુભ ફળ.

મેષ લગનમાં જન્મેલાં અથવા મેષરાશિના નામવાળાં મનુષ્યોને આ મહીનામાં પૈસાનો સારો લાભ થશે, પરંતુ તેમનાં સંતાનો થોડી ઘણી બિમારી ભોગવશે અને પોતાને પણ કંઈક પીડા થશે. તેમનાં કાર્યોમાં જશ મળશે. નવિન સંતાનનો લાભ થશે. મુસા-ફરી કરવી પડશે, પરંતુ ઘણોખરો વખત શાન્તિમાં જશે.

વૃષભ રાશિનાં મનુષ્યોને પોતાની જાતે તેમજ સ્ત્રીને પરચુર-ણ આજાર થશે. પૈસાનો લાભ સાધારણ થશે, અને ખર્ચ વધારે થશે. વિરોધ થશે પરંતુ છેવટે તેમાં જશ આવશે.

મિથુન લગ્ન કે રાશિવાળાઓને—પૈસા સારા મળશે પરંતુ ખર્ચ પણ વિશેષ થશે. છોકરાંને સાધારણ બિમારી થશે, પરંતુ પો-તાની જાતે તથા સ્ત્રી આરોગ્યતા ભોગવશે. નવિન સંતાનનો લાભ થશે. શત્રુતા ઉત્પન્ન થશે, પ્રવાસ કરવો પડશે, પરંતુ આખરે જશ મળશે.

કર્ક લગ્ન કે રાશિવાળાંઓને—પૈસાનો લાભ કમતી થશે. તેઓ અને આરોગ્યતામાં રહેશે પરંતુ સંતાનોને બિમારી થશે. વિરોધતાની તેમજ બીજી અડચણો ભોગવવા પડશે તેથી મન અસ્વસ્થ રહેશે, અને જશ પણ કમી મળશે.

સિંહ લગ્ન કિંવા રાશિમાં જન્મેલાંઓને—દ્રવ્ય લાભ સારી પેઠે થશે. વ્યપાર તેમજ બીજા હરેક પ્રકારના ઉદ્યમમાં જશ મળશે. માત્ર સ્ત્રીને થોડી ઘણી બિમારી થશે, બાકી સર્વ આરોગ્યતા ભોગવશે.

કન્યા લગ્ન કિંવા રાશિમાં જન્મેલાંઓને—પૈસા સારીપેઠે મળશે. પોતાને, સ્ત્રીને તેમજ સંતાનોને કોઇપણ પ્રકારની બિમારી થશે નહિ. હરેક પ્રકારનાં કામોમાં યશ આવશે, કોર્ટમાં જય મળશે અને શાન્તિમાં દિવસ જશે.

તુલા રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારી રીતે થશે, પરંતુ ખર્ચ પણ વિશેષ થશે. પ્રવાસ તેમજ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું થશે ટંટામાં જય મળશે. પોતાની જાતને તેમજ બાળબચ્ચાંઓને થોડી ઘણી આજારી થશે. વ્યાપારમાં સાધારણ રીતે ઠીક લાભ મળશે.

વૃશ્ચિક રાશિવાળાઓને—પૈસાનો લાભ સારી રીતે થશે, પોતાની તેમજ સંતાનોની પ્રકૃતિ સારી રહેશે, પરંતુ સ્ત્રીને બિમારી થશે. વિરોધ થશે તેથી મન અસ્વસ્થ રહેશે. વ્યાપારમાં લાભ થોડો થશે.

ધન લગ્ન કે રાશિમાં જન્મેલાંએ ને—દ્રવ્ય લાભ સારો થશે. પોતાની, સ્ત્રીની તેમજ સંતાનોની પ્રકૃતિ સારી રહેશે. કોર્ટથી જય મળશે. વ્યાપારમાં લાભ મળશે અને સુખ શાન્તિમાં દિવસ જશે.

મકર લગ્ન કે રાશિમાં જન્મેલાઓને—પૈસા ઓછા મળશે. સંતાનોને બિમારી થશે. તેમજ પોતાને અને સ્ત્રીને પણ થોડી

પીડા થશે. વિરોધતા થશે. વ્યાપારમાં નુકશાન આવશે, યશ કીર્તી મળશે.

કુંભ લગ્ન કે રાશિમાં જન્મેલાઓને—પૈસા સારી પેઠે મળશે પરંતુ ખર્ચ પણ વિશેષ થશે. પોતે તેમજ સંતાનો આરોગ્ય રહેશે. પરંતુ સ્ત્રીને સાધારણ બિમારી થશે. વિરોધતા થશે. ઉદ્યમમાં યશ સારો મળશે.

મીન રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારી પેઠે થશે. પોતાને થોડી ઘણી બિમારી થશે. પરંતુ સ્ત્રી અને બાળબચ્ચાંઓ તનદુરસ્તીમાં રહેશે. ટંટા વિગેરેમાં કોર્ટથી જય મળશે. ખર્ચ વિશેષ થશે.

વૈશાખ મહીનાનું ફળ.

વૈશાખ શુદિ ૧ બુધવાર તા. ૭ મે ૧૯૧૩—આ દિવસે ગુરૂ વક્રગતિનો થાય છે તેનું ફળ એવું છે કે:—રૂ અને કપાસીયાંનો ભાવ સાધારણ રહે. તલ અને તેલનો ભાવ તેજ થાય. મગ, જુવાર બાજરી, ચોખા, અને અળશીનો ભાવ મંદ પડી જાય.

વૈશાખ સુદિ ૪, શનિવાર તા. ૧૦ મે ૧૯૧૩—આ દિવસે કૃતિકા મહા નક્ષત્ર બેસે છે જેથી ઘી, ધાણા, હળદર અને મરચાંનો ભાવ તેજ થાય. ચણા અને ગોળનો ભાવ મંદો રહે અને ચાંદીનો ભાવ સાધારણ રહે.

વૈશાખ શુદિ ૮ મંગળવાર તા. ૧૩-૫-૧૩—વૃષભ સંક્રાન્તિ બેસે છે તેનું ફળ એવું છે કે:—રૂનો ભાવ મંદો થાય, ચાંદીનો ભાવ સાધારણ રહે. બાજરીનો ભાવ પણ સાધારણ રહે. જુવાર. ચોખા, મગ, તેલ, તલ, કોસખી અને અળશીનો ભાવ

તેજ થાય. ગોળ અને ઘીનો ભાવ થોડો તેજ થાય અને કપાસીયાં-નો ભાવ મંદો પડે.

વૈશાખ વદી ૨ ગુરૂવાર તા. ૨૨ મે ૧૯૧૩—વૃષભ રાશિનો બુધ થાય છે. જેથી રૂ, કપાસીયા, મરચાં અને ઘઉંના ભાવ તેજ થાય. અનાજ ચાંદી અને ગોળનો ભાવ સાધારણ રહે.

વૈશાખ વદી ૮ તા. ૨૮ મે ૧૯૧૩—બુધવાર છે જેથી તુવેર, બાજરી, જુવાર, ઘઉં, ચોખા, રૂ, અને કપાસીયાનો ભાવ તેજ થાય. તેલ અને તલ મોંઘા થાય. ઘી પણ મોંઘું વેચાય. ધાણા, અને હળદરનો ભાવ સાધારણ રહે.

મહીનાના ફળનો એકંદર સાર—ફક્ત આઠ દિવસ રૂનો ભાવ તેજ રહેશે. બાકી એકંદરે આખો મહીનો રૂ, કપાસીયા, અને ચાંદીનો ભાવ મંદ રહેશે. તલ, તેલ, અળસી અને કોસમ્બીનો ભાવ તેજ રહેશે. ઘઉં, જુવાર અને ચોખા કેટલાએક દિવસ મોંઘા વેચાશે. બાજરી અને ગોળનો ભાવ સાદો રહેશે. મરચાં અને હળદરનો ભાવ કેટલાએક દિવસ વધશે. ઘીનો ભાવ તેજ રહેશે. વર્ષાદ ઘણી ખરી જગ્યાએ વર્ષશે.

જુદી જુદી રાશિમાં જન્મેલા મનુષ્યોને આ મહીનાનું શુભાશુભ ફળ.

મેષ રાશિ કિંવા લગ્નમાં જન્મેલાઓનેઃ—આ મહીનામાં પૈસા ઓછા મળશે, અને કંઇક નુકશાન થશે. શત્રુ ઊત્પન્ન થશે તેમજ શરીરે પણ કંઇક બીમારી થશે જેથી મન ઉદ્વેગમાં રહેશે. સ્ત્રી અને બાળબચ્ચાં આરોગ્યતામાં રહેશે. કોઇપણ કામમાં જય મળશે નહિ.

વૃષભ રાશિવાળાઓને:—પૈસાનો સારો લાભ થશે. બાળ બચ્ચાં કંઇક આરોગ્યતામાં રહેશે, પરંતુ સ્ત્રીને તથા પોતાની જાતે પરચુરણ આજારી થશે. વિરોધના ઉત્પન્ન થશે તેમાં છેવટ જય મળશે.

મિથુન રાશિવાળાઓને:—પોતાની જાતે તાવ વિગેરેની આજારી થશે. સ્ત્રી અને બાળબચ્ચાં તનદુરસ્તીમાં રહેશે. વેપાર વિગેરેમાં નુકશાન જઇ પૈસાનો લાભ ઓછો થશે તેથી મન અસ્વસ્થ રહેશે.

કર્ક રાશિમાં જન્મેલાંઓને:—પૈસાનો લાભ સાધારણ થશે. વેપારમાં કમી ફાયદો થશે. વિરોધ વધશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. સ્ત્રીને પરચુરણ બિમારી થશે.

સિંહ રાશિમાં જન્મેલાઓને:—પૈસાનો લાભ સાધારણ થશે. વપારમાં કમી ફાયદો થશે વિરોધ વધશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે, સ્ત્રીને પરચુરણ બિમારી થશે.

કન્યા રાશિવાળાઓને:—પૈસા સારા મળશે, સ્ત્રી તથા ભાઇ બાંધુને બિમારી થશે, પરંતુ છેવટ મનને શાન્તિ મળશે. વ્યાપારમાં લાભ અને કોર્ટમાં જય મળશે. બચ્ચાંની પ્રકૃતિ તનદુરસ્ત રહેશે.

તુલા રાશિમાં જન્મેલ એઓને:—પૈસાનો લાભ કમતી થશે. પોતાને તેમજ બચ્ચાંઓને આજારી ભોગવવી પડશે. ટંટો ઉત્પન્ન થશે તેમાં જય મળશે. વ્યાપારમાં નુકશાન જવાથી લાભ ઓછો મળશે.

વૃશ્ચિક રાશિમાં જન્મેલાઓને:—પૈસાનો લાભ સારો થશે, સ્ત્રી તથા બાળબચ્ચાંઓને બિમારી થશે. ટંટો ઉત્પન્ન થશે તેમાં જય મળશે. વ્યાપારમાં સાધારણ રીતે ઠીક જશ મળશે.

ધન રાશિવાળાઓને:—પૈસા કમી મળશે, પરંતુ સ્ત્રી

નુકશાન વધારે થશે. શત્રુ ઉત્પન્ન થશે પરંતુ આખરે તેનો પરાજય થશે. સ્ત્રી અને બાળબચ્ચાં શાન્તિમાં રહેશે, પરંતુ પોતાના મનમાં ઉદ્વેગ થશે.

મકર રાશિવાળાઓને:—પૈસાનો લાભ સારો થશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બચ્ચાંઓને બિમારી થશે. વ્યાપાર વિગેરેમાં લાભ થશે.

કુંભ લગ્ન કે રાશિમાં જન્મેલાઓને—પૈસા ઓછા મળશે. પોતાને તેમજ સ્ત્રીને બિમારી થશે. વ્યાપાર વિગેરે ઉદ્યોગમાં લાભ ઓછો મળશે. મન અસ્વસ્થ રહેશે.

મીન લગ્ન કિંવા રાશિ વાળાઓને—પૈસાનો લાભ સારો થશે. સ્ત્રી, બાળબચ્ચાં તેમજ પોતે પણ આરોગ્યના ભોગવશે. વ્યાપાર, કોર્ટ, ઉદ્યોગ વિગેરેમાં જશ મળશે જેથી મન શાન્તિમાં રહેશે.

જેઠ મહીનાનું ફળ.

જેઠ સુદિ ૩ શનિવાર તા. ૭ જુન ૧૯૧૩—આ દિવસે મિથુન રાશિનો બુધ થાય છે તેનું ફળ એવું છે કે;--રૂ, કપાસીયા, ગોળ, બાજરી, જુવાર અને ચોખાનો ભાવ છે તેવોજ રહેશે. ચાંદી, ઘઉં, તુવેરનો ભાવ નરમ પડશે, અને તેલ, ઘી, તલ, કોસંબી, અળસી, મરચાં, ધાણા, વિગેરેનો ભાવ તેજ થશે.

જેઠ સુદી ૧૧ શનિવાર તા. ૧૪ મી જુન સને ૧૯૧૩—મિથુન સંક્રાન્તિ બેસે છે તેથી રૂ અને કપાસનો ભાવ તેજ થાય, ચાંદીનો ભાવ નરમ પડી ટકી રહે, જુવાર અને ચોખાનો ભાવ હોય તેવો તે રહે. બાજરી અને ઘઉંનો ભાવ થોડો વધે. તુવેરનો ભાવ

સોંઘો પડે અને ગોળનો ભાવ તેજ થાય. તલનો ભાવ તેજ થાય. ચણાનો ભાવ સાધારણ, અળસીનો ભાવ નરમ અને મગફળી તથા કોસંબીનો ભાવ તેજ થાય.

જેઠ વદી ૬ મંગળવાર તા. ૨૪ જુન ૧૯૧૩—કર્ક રાશિનો બુધ થાય છે જેથી રૂ નો ભાવ મંદો થાય, કપાસીયાનો ભાવ પણ ઉતરે. ચાંદીનો ભાવ તેજ થાય અને જુવાર, બાજરી, ચોખા, ઘઉં, એ અનાજ મોંઘું વેચાય.

જેઠ વદી ૧૦ રવીવાર તા. ૨૯ જુન ૧૯૧૩—વૃષભ રાશિનો શુક્ર થાય છે તેથી રૂ નો ભાવ નરમ રહે. ચાંદી, કપાસીયા, અળસી, મગફળી, તેલ એ ચીજોનો ભાવ તેજ રહે. હળદર તથા તુવેર પણ મોંઘી વેચાય. ગોળ, અને મરચાંનો ભાવ સાધારણ એટલે હોય તેવોને તેવોજ રહે.

આખા મહીનાના ફળનો એકંદર સાર—રૂ, ચાંદી, કપાસીયા એ ચીજો કેટલાએક દિવસ તેજ થઈને બાકી ઘણા ખરા દિવસ નરમ ભાવથી વેચાય, જુવાર, ઘઉં, બાજરી, ચોખા એ ચીજોનો ભાવ તેજ રહે. ધાણા, હળદર, મરીયાં એ ચીજોનો ભાવ તેજ હોઇ વધઘટ થયા સિવાય ટકી રહેશે, તલ, અળસી, મગફળી, કોસંબી અને ઘીનો ભાવ તેજ રહેશે. ગોળ, ચણાનો ભાવ ચાલતો રહેશે. તુવેરનો ભાવ થોડા એક તેજ થશે. આ મહીનામાં વરસાદ ઘણો ઓછો વર્ષશે જેથી અનાજના ભાવમાં વધારો થશે.

"બારે રાશિવાળાં મનુષ્યોને આ મહીનાનું શુભાશુભ ફળ—મેષ રાશિ અથવા લગ્નમાં જન્મેલાઓને દ્રવ્ય લાભ ઓછો થશે. પોતાની જાતે થોડીઘણી પરંતુ સ્ત્રીને વિશેષ બિમારી થશે. બ-

બચ્ચાંઓ આરોગ્યતા ભોગવશે. વ્યાપારમાં નફો થોડો અને નુકશાન વધારે થશે.

વૃષભ રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. સ્ત્રીને થોડી ઘણી બિમારી થશે તેમજ જાતે પણ કષ્ટક રોગનો ત્રાસ ભોગવવો પડશે. બચ્ચાંઓ તનદુરસ્તી ભોગવશે પણ વિશેષ થશે પરંતુ ઉદ્યોગમાં ફાયદો પણ સારો થશે તેથી મન શાન્તિમાં રહેશે.

મિથુન રાશિવાળાઓને—પૈસાનો લાભ ઘણોજ ઓછો થશે. વ્યાપાર તેમજ બીજા દરેક જાતના ઉદ્યોગમાં જશ મળશે નહિ. સ્ત્રી આરોગ્યતા ભોગવશે પરંતુ બચ્ચાંઓને બિમારી થશે. પોતાને તન તથા મનની ઉપાધિ નડશે, અને અનેક પ્રકારની વિટંબણાઓથી મન ઉદ્વેગમાં રહેશે.

કર્ક રાશિવાળાઓને દ્રવ્ય લાભ સારો થશે. વ્યાપાર તથા બીજા ઉદ્યોગમાં સારો જય મળશે. પોતાની તેમજ સ્ત્રીની પ્રકૃતિ આરોગ્ય રહેશે પરંતુ બચ્ચાંઓને હલકી બિમારી થશે.

સિંહ રાશિવાળાઓને—પૈસા સારા મળશે. પોતાની, સ્ત્રીની તેમજ બચ્ચાંઓની પ્રકૃતિ સારી આરોગ્યતામાં રહેશે. વ્યાપાર ઉદ્યોગમાં ફતેહ થશે તેથી મન શાન્તિમાં રહેશે.

કન્યા રાશિવાળાઓને પણ દ્રવ્યનો લાભ સારો થશે. કોર્ટમાં કેશ હશે તો તેમાં જય મળશે. વ્યાપાર ઉદ્યોગમાં નફો થશે. પોતાની સ્ત્રીની તથા બચ્ચાંઓની પ્રકૃતિ સારી રહેશે.

તુલા રાશિવાળાઓને—પૈસા સાધારણ રીતે સારા મળશે, પરંતુ થોડું ઘણું નુકશાન પણ થશે. કોર્ટમાં જય મળશે. પોતાની, તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બચ્ચાંઓને બિમારી થશે. ઉદ્યોગમાં જય ઓછો થશે.

વૃશ્ચિક રાશિવાળાઓને:—પૈસા સારા મળશે, પોતાની, સ્ત્રીની તેમજ બચ્ચાંઓની પ્રકૃતિ સારી રહેશે. કોર્ટમાં જય થશે. વ્યાપાર ઉદ્યોગમાં ફાયદો થશે,

ધન રાશિવાળાઓને:—પૈસાનો લાભ બીલકુલ ઓછો થશે. પોતાની, સ્ત્રીની તથા બચ્ચાંઓની પ્રકૃતિ સારી રહેશે. શત્રુ ઉત્પન્ન થશે, વ્યાપાર ઉદ્યોગમાં નુકશાન થશે.

મકર રાશિવાળાઓને:—પૈસા સારી રીતે મળશે. પોતાની, સ્ત્રીની તથા બચ્ચાંઓની પ્રકૃતિ તનદુરસ્ત રહેશે. વ્યાપાર ઉદ્યોગમાં ફાયદો થશે અને કોર્ટમાં જય મળશે.

કુંભ રાશિવાળાઓને:—પૈસા સાધારણ રીતે મળશે. વ્યાપાર ઉદ્યોગમાં નફો સાધારણ થશે. સ્ત્રીને પરચુરણ બીમારી થશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ તનદુરસ્ત રહેશે. મનમાં કંઇક ઉદ્વેગ રહેશે.

મીન રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સારો થશે. સઘળાંઓની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યોગમાં લાભ થશે અને મન શાન્તિમાં રહેશે.

અસાડ મહીનાનું ફળ.

અસાડ સુદી ૧ શનિવાર તા. ૫ જુલાઇ ૧૯૧૩:—પુનર્વસુ મહાનક્ષત્ર બેસે છે જેથી ઘઉં, ચોખા, બાજરી, જુવાર એ અનાજ સાધારણ રીતે તેજ થાય. ઘી અને ગોળનો ભાવ પણ તેજ રહે. રૂનો ભાવ નરમ પડે. કપાસીયા અને ચાંદીનો ભાવ તેજ થાય. ધાણા અને હળદર પણ મોઘાં વેચાય અને અળસીનો ભાવ સાધારણ રહે.

અસાડ સુદી ૭ ગુરૂવાર તા. ૧૦ જુલાઇ ૧૯૧૩:—શુક્રવાર છે તેથી રૂનો ભાવ નરમ રહે. ચાંદીનો ભાવ પણ નરમ પડે. ઘઉં, ચોખા, બાજરી, જુવાર એ ગનો ભાવ થોડો ઘણો મંદો થાય. તલ; તેલ, મરચાં, ધાણા હળદર, કપાસીયા અને તુવેર મોંઘાં થાય.

અસાડ સુદી ૧૨ મંગળવાર તા. ૧૫ જુલાઇ ૧૯૧૩:—કર્ક સંક્રાતિ બેસે છે જેથી રૂનો ભાવ બે દિવસ તેજ થઇ કઇ પાછો ઉતરી જાય. ચાંદી, કપાસીયા, જાર, બાજરી, ચોખા, ધાણા, મરચાં અને ઘીનો ભાવ ચાલતો હોય તેવોને તેવોજ રહે. અળસીનો ભાવ નરમ પડે. ઘઊ અને તેલ તથા તલનો ભાવ તેજ થાય.

અસાડ વદી ૧ શનિવાર તા. ૧૯ જુલાઇ ૧૯૧૩:—પુષ્ય મહાનક્ષત્ર બેસે છે તેથી રૂનો ભાવ મંદ થાય, ચાંદી અને કપાસીયાંનો ભાવ તેજ થાય. ઘઊ. જુવાર, બાજરી, ચોખાંનો ભાવ તેજ હોઇ ટકી રહે.

અસાડ વદી ૬ ગુરૂવાર તા. ૨૪ જુલાઇ ૧૯૧૩:—નું ફળ એવું છે કે ચાંદી, કપાસીયા, મરચાં, તુવેર, હળદર અને ધાણાનો ભાવ સામાન્ય રહે. અનાજનો ભાવ પણ હોય તેવોને તેવોજ રહે. તલ તેલ અને અળસીનો ભાવ તેજ થાય.

અસાડ વદી ૧૧ મંગળવાર તા. ૨૯ જુલાઇ ૧૯૧૩:—આ દિવસે મિથુન રાશિનો શુક્ર થાય છે તેથી રૂ અને ઘીનો ભાવ થોડો નરમ પડે. ચાંદી થોડી તેજ થાય. અનાજનો ભાવ તેજ હોઇ ટકી રહે. ગોળનો ભાવ પણ થોડો તેજ થાય. કપાસીયાનો ભાવ સામાન્ય રહે. હળદરનો ભાવ તેજ હોઇ ટકી રહે.

એકંદર ફળનો સારાંશ—આ મહીનામાં રૂનો ભાવ ઘણો

એક દિવસ મંદ રહેશે. ઘઉં, જુવાર, બાજરી અને ચોખાનો ભાવ ઘણા એક દિવસ તેજ રહી થોડાજ દિવસ સાધારણ રહેશે તલ, અળસી, મગફળી, કોસંબી અને તેલ મોંઘાં વેચાય. ઘી, મરચાં, હળદર ગોળ એઓનો ભાવ કેટલાએક દિવસ તેજ રહી પછી થોડો ઘણો ઉતરે. કપાસીઆ અને ચાંદીનો ભાવ ઘણાખરા દિવસ તેજ રહે. વર્ષાદ ઓછો વરસે.

બારે રાશિવાળાઓને આ મહીનાનું શુભાશુભ ફળ.

મેષ રાશિવાળાને આ મહીનામાં દ્રવ્યનો લાભ ઓછો થાય. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહે, પરંતુ સ્રીને પરચુરણ બીમારી થાય. મન અસ્વસ્થ રહે. વ્યાપાર ઉદ્યોગમાં લાભ ઓછો થાય, અનેક વિટંબણાઓ પડે, નુકશાન થાય. અને જ્યાં ત્યાંવિરોધથાય.

વૃષભરાશિ વાળાને દ્રવ્ય લાભ સારો થાય, સ્રી અને બાળકોની પ્રકૃતિ સારી રહે. પોતાને સાધારણ બિમારી થાય. વ્યાપાર ઉદ્યોગમાં ફાયદો થાય, કોર્ટમાં જય મળે તેથી મન સ્વસ્થ રહે.

મિથુન રાશિવાળાને પૈસા ઓછા મળે. ટંટો ઉત્પન્ન થાય, બચ્ચાંઓને સાધારણ બીમાર થાય. પોતાની તથા સ્રીની પ્રકૃતિ તનદુરસ્ત રહે. વ્યાપાર ઉદ્યોગમાં કંઇક નુકશાન થાય જેથી મન અસ્વસ્થ રહે.

કર્ક રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થાય, વ્યાપાર ઉદ્યોગમાં જશ મળે. સઘળું કુટુંબ આરોગ્યતા ભોગવે. મન શાન્તિમાં રહે.

સિંહ રાશિવાળાઓને પૈસા સાધારણ રીતે સારા મળે. વ્યાપાર ઉદ્યોગમાં સારો ફાયદો થાય, સ્રીને પરચુરણ બીમારી થાય, પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહે,શાન્તિ મળે.

કન્યા રાશિવાળાઓને દ્રવ્ય લાભ સારો થાય. પ્રવાસ કરવો પડે તથા એક સ્થળેથી બીજા સ્થળે રહેવા જવાનું થાય. વ્યાપાર ઉદ્યોગમાં સારો ફાયદો થાય અને સર્વેની પ્રકૃતિ આરોગ્ય રહે.

તુલા રાશિવાળાઓને પૈસા સાધારણ મળે. બચ્ચાંઓને સાધારણ બીમારી થાય, પરંતુ પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહે. વ્યાપાર ઉદ્યોગમાં ફાયદો સાધારણ થાય માટે મોટા પ્રમાણમાં વેપાર કરવો નહિ. વિરોધ ઉત્પન્ન થાય તેથી મન અસ્વસ્થ રહે પરંતુ આખરે જય મળે.

વૃશ્ચિક રાશિવાળાઓને દ્રવ્ય લાભ સારો થાય, છોકરાં આરોગ્યતા ભોગવે, પરંતુ પોતાની અને સ્ત્રીની પ્રકૃતિ થોડી ઘણી બગડે. વ્યાપાર ઉદ્યોગમાં તેમજ દરેક કાર્યમા જય મળે.

ધન રાશિવાળાઓને દ્રવ્ય લાભ ઘણો ઓછો થાય. વેપાર ઉદ્યોગમાં નુકશાન થાય. પોતાની સ્ત્રીની તથા બાળકોની પ્રકૃતિ સારી રહે. શત્રુ ઉત્પન્ન થાય. અનેક અડચણો આવે તેથી મન અસ્વસ્થ રહે.

મકર રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થાય. સઘળાઓની પ્રકૃતિ તનદુરસ્ત રહે. વ્યાપાર ઉદ્યોગમાં તેમજ કોર્ટ તરફથી વિજય મળે.

કુંભ રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સાધારણ થાય. યશ પણ સાધારણ મળે. અડચણો આવે પરંતુ આખરે તે દૂર થાય. સઘળા કુટુંબની પ્રકૃતિ સારી રહે.

મીન રાશિવાળાઓને દ્રવ્ય લાભ સારો થાય. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહે પરંતુ બાળકોને થોડી ઘણી બીમારી થાય. વ્યાપાર ઉદ્યોગમાં તથા કોર્ટથી જય મળે.

શ્રાવણ મહીનાનું ફળ.

શ્રાવણ શુદી ૧ તા. ૩ જી આગષ્ટ સને ૧૯૧૩—રવી વાર છે જેથી રૂ અને ચાંદી સાધારણ રીતે તેજ થાય, ઘઊં, જુવાર અને ચોખાનો ભાવ થોડાજ દિવસ તેજ રહી પછી સાધારણ રહે. બાજરીનો ભાવ ઊતરી જાય, તલ, અળસી કોસંબી મગફળી અને તેલનો ભાવ તેજ થાય. કપાસીઆ અને તુવેરનો ભાવ સાધારણ રહે. ગોળનો ભાવ કંઇક તેજ થાય.

શ્રાવણ સુદી ૭ શુક્રવાર તા. ૮ મી આગષ્ટ ૧૯૧૩— બુધ માર્ગી થાય છે જેથી રૂનો ભાવ તેજ થાય. ચાંદી અને કપાસીયાનો ભાવ સામાન્ય રહે. ઘઊંનો ભાવ થોડોએક તેજ થાય. જુવાર, બાજરી અને ચોખાનો ભાવ સાધારણ નરમ થાય. તેલ અને તલનો ભાવ સામાન્ય રહે. અળસી અને ઘીનો ભાવ ઉતરી જાય. ગોળનો ભાવ તેજ થાય. મગફળી, કોસંબી અને હળદરનો ભાવ સામાન્ય રહે અને ધાણાનો ભાવ નરમ થાય.

શ્રાવણ સુદી ૧૫ શનીવાર તા. ૧૬ મી આગષ્ટ ૧૯૧૩ સિંહ સંક્રાન્તિ બેસે છે જેથી રૂનો ભાવ નરમ થાય. ચાંદી અને કપાસીયા થોડા ઘણા તેજ થાય. ઘઊંનો ભાવ વધે. જુવાર, બાજરી અને ચોખાનો ભાવ સામાન્ય રહે. તલ, તેલ, અળસી, કોસંબી, મગફળીનો ભાવ મોંઘો થાય. ઘી અને ગોળનો ભાવ સાધારણ રહે. ધાણા, હળદર, મરચાંનો ભાવ પણ હોય તેને તેજ રહે.

શ્રાવણ વદી ૧ તા. ૧૭ મી આગષ્ટ ૧૯૧૩—રવીવાર છે જેથી રૂનો ભાવ મંદ થાય. કપાસીયાનો ભાવ સાધારણ રહે.

ચાંદીના ભાવમાં વધારો થાય. ઘઉં અને ગોળનો તથા જુવાર, બાજરી અને તુવેરનો ભાવ તેજ થાય.

શ્રાવણ વદી ૭ રવીવાર તા. ૨૪ આગષ્ટ ૧૯૧૩:— કર્ક રાશિનો શુક્ર થાય છે જેથી રૂનો ભાવ નરમ રહે. ચાંદી અને કપાસીયાનો ભાવ થોડોએક મોંઘો થાય. ઘઊં, તલ, કોસંબી, અળસીનો ભાવ તેજ થાય, મગફળીનો ભાવ સાધારણ રહે. ઘીનો ભાવ નરમ થાય. જુવાર, બાજરી, ચોખા અને તુવેરનો ભાવ સામાન્ય રહે. મરચાંનો ભાવ નરમ અને ગોળનો ભાવ તેજ થાય.

શ્રાવણ વદી ૧૨ શુક્રવાર તા. ૨૯ મી આગષ્ટ ૧૯૧૩:- સિંહ રાશિનો બુધ થાય છે જેથી રૂ, કપાસીયા તેજ થાય. ઘઉં, જુવાર, બાજરી અને ચોખાનો ભાવ નરમ પડે. તલ, તેલ, અને કોસંબીનો ભાવ થોડોએક તેજ થાય. અળસીનો ભાવ મંદો પડે. ગોળ, ઘી અને ચાંદીનો ભાવ પણ નરમ પડે.

જુદાં જુદાં ફળોનો એકંદર સાર:— રૂનો ભાવ આ મહીનામાં આઠ, નવ દિવસ તેજ રહી બાકીનો વખત મંદ રહેશે. કપાસીયાનો ભાવ સાધારણ રહેશે. ચાંદીનો ભાવ તેજ રહેશે. ચોખા, જુવાર અતે બાજરીનો ભાવ નરમ રહેશે. ઘઉં તેજ થશે પરંતુ બીજાં અનાજનો ભાવ ઉતરશે. તલ, તેલ, કોસંબો, મગફળી અને અળસીનો ભાવ તેજ થશે. મરચાં, ધાણા અને હળદરનો ભાવ સામાન્ય રહેશે. વર્સાદ સારો વર્ષશે. રોગનો ઉપદ્રવ પણ ઠીક રહેશે.

"જુદી જુદી રાશિનાં મનુષ્યો માટે આ મહીનાનું ફળ."

મેષ લગ્ન અથવા રાશિના જે મેલાઓને:— દ્રવ્યનો લાભ ઓછો થશે. પોતાને સાધારણ બીમારી થશે. બચ્ચાંઓને પણ કંઈક

પ્રકૃતિમાં બીગાડો થશે પરંતુ સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. દ્રવ્યાદિક સંપત્તિમાં કંઇક નુકશાન થશે, તેમજ ખર્ચ પણ વિશેષ થશે. વ્યાપાર ઉદ્યોગમાં જય ઓછો થશે. વિરોધ ઉત્પન્ન થશે જેથી મનને અસ્વસ્થતા લાગશે.

વૃષભ રાશિવાળાઓને:—દ્રવ્યનો લાભ ઠીક થશે. પોતાની તેમજ સ્ત્રીની પ્રકૃતિમાં કંઇક બગાડ થશે પરંતુ બચ્ચાંઓની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યોગ તથા કોર્ટ સંબંધિ કામોમાં જય મળશે.

મિથુન રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ કમતી થશે અને ખર્ચ અધિક થશે. પોતાને તથા સ્ત્રીને કંઇક બીમારી થશે. વ્યાપાર ઉદ્યોગમાં લાભ ઓછો મળશે જેથી મન અસ્વસ્થ રહેશે.

કર્ક રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સારો થશે. બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગડશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યોગમાં ફાયદો સારો મળવાથી મન આનંદમાં રહેશે.

સિંહ રાશિવાળાઓને:—પૈસા સાધારણ રીતે સારા મળશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે, પરંતુ સ્ત્રીને બીમારી થશે. ટંટા ફીસાદમાં જય મળશે. વ્યાપારમાં ફાયદો થશે જેથી મન આનંદમાં રહેશે.

કન્યા રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સારો થશે. સઘળાંની પ્રકૃતિ તનદુરસ્ત રહેશે. વ્યાપારમાં લાભ, ટંટાફીસાદમાં જય અને બીજાં કાર્યોમાં જય મળશે જેથી મન સ્વસ્થ રહેશે.

તુલા રાશિવાળાઓને:—પૈસા ઓછા મળશે અને ખર્ચ જાસ્તી થશે. વ્યાપાર ઉદ્યોગમાં ફાયદો કમી થશે. પોતાની તથા બા-

ળકોની પ્રકૃતિ કંઇક બગડશે. સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. વિરોધતા ઉત્પન્ન થશે જેથી મન અસ્વસ્થ રહેશે.

વૃશ્ચિક રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સારો થશે. પોતાની તેમજ સંતાનોની પ્રકૃતિ સારી રહેશે અને સ્ત્રીને બીમારી થશે. વ્યાપાર, ઉદ્યોગ, કોર્ટ વગેરેનાં કાર્યોમાં જય મળવાથી મન સ્વસ્થ રહેશે

ધન રાશિવાળાઓને:—પૈસા ઓછા મળશે. વ્યાપાર વગેરે કાર્યોમાં જય કમી મળશે. સ્ત્રી, બચ્ચાં, તેમજ પોતાની પ્રકૃતિ સારી રહેશે. વિરોધ ઉત્પન્ન થશે. પરંતુ જય મળશે.

મકર રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સારો થશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બાળકોને થોડી ઘણી બીમારી થશે. વ્યાપાર ઉદ્યોગવિગેરે સઘળાં કાર્યોમાં જય મળવાથી મન સ્વસ્થ રહેશે.

કુંભ રાશિવાળાઓને:—પૈસા કમતી મળશે. સઘળાંઓની પ્રકૃતિ તનદુરસ્ત રહેશે. વિરોધ ઉત્પન્ન થશે. વ્યાપાર ઉદ્યોગમાં લાભ ઓછો મળવાથી મન અસ્વસ્થ રહેશે.

મીન રાશિવાળાઓને:—પૈસા સારી પેઠે મળશે. કોર્ટમાં જય મળશે. બચ્ચાંઓને થોડી ઘણી બીમારી થશે, બાકી સર્વેની પ્રકૃતિ સારી તનદુરસ્તીમાં રહેશે. વ્યાપાર ઉદ્યોગમાં ફાયદો થવાથી મન આનંદમાં રહેશે.

ભાદરવાનું ફળ.

ભાદરવા સુદી ૧ સોમવાર તા. ૧ લી સપટમ્બર ૧૯૧૩:—મિથુન રાશિનો મંગળ થાય છે, તેથી રૂ અને કપાસનો

ભાવ તેજ થશે. ચાંદીનો ભાવ પણ થોડો ઘણો વધશે. ઘઉંનો ભાવ સામાન્ય રહેશે. બાજરી, જુવાર અને ચોખાનો ભાવ નરમ પડશે. તલ અને તેલનો ભાવ તેજ થશે. ગોળનો ભાવ ઉતરશે. તેમજ અળસીનો ભાવ પણ નરમ પડશે.

ભાદરવા સુદી ૬ શનિવાર તા. ૬ સપ્ટેમ્બર ૧૯૧૩:— ગુરુની ગતિ માર્ગી થાય છે જેથી રૂનો ભાવ તેજ રહેશે, કપાસીઆ અને ચાંદીનો ભાવ સામાન્ય રહેશે. અનાજનો ભાવ નરમ પડશે. કોસંબી અને મગફળીનો ભાવ તેજ રહેશે. મરચાંનો ભાવ નરમ અને હળદરનો તેજ રહેશે. ધાણા તથા ઘીનો ભાવ ઉતરશે.

ભાદરવા સુદી ૧૩ શનિવાર તા. ૧૩–૯–૧૯૧૩:—ઉત્તરા મઘા નક્ષત્ર બેસે છે જેથી અનાજનો ભાવ નરમ પડશે પરંતુ ઘઉંનો ભાવ થોડો ઘણો તેજ રહેશે. રૂ અને કપાસીયાનો ભાવ પણ તેજ થશે. ચાંદીનો ભાવ વધશે. તલ અને તેલનો ભાવ તેજ, અને ઘીનો ભાવ નરમ પડશે.

ભાદરવા વદી ૨ બુધવાર તા. ૧૭–૯–૧૩ કન્યા રાશિનો બુધ થાય છે જેથી રૂનો ભાવ તેજ થશે. ચાંદી અને કપાસીયાંનો ભાવ નરમ પડશે. ઘઉં, જુવાર, બાજરી અને ચોખાનો ભાવ પણ ઉતરશે. ઘી, અળસી, ચણા અને તુવેરનો ભાવ પણ નરમ પડશે અને તલ, તેલ, કોસંબીનો ભાવ તેજ રહેશે.

ભાદરવા વદી ૪ શુક્રવાર તા. ૧૯–૯–૧૩ સિંહ રાશિનો શુક્ર થાય છે, જેથી રૂ નો ભાવ તેજ થશે. ચાંદી અને કપાસીયાંનો ભાવ સાધારણ રહેશે. ધાન્યનો ભાવ ઉતરશે. તલ અને તેલનો ભાવ પણ થોડો નરમ પડશે તેમજ ગોળ, ઘી, અળસી, મરચાં, હળદર અને ધાણાનો ભાવ પણ નરમ પડશે.

ભાદરવા વદી ૧૩ રવીવાર તા. ૨૮-૯-૧૩. શનિ વક્રિ થાય છે જેથી અનાજનો ભાવ નરમ પડશી. રૂ નો ભાવ તેજ થશે. કપાસીયા અને ચાંદીના ભાવ સામાન્ય રહેશે. તેલ, તલ, કોસંબો અને મગફળીનો ભાવ તેજ થશે.

એકંદર સારાંશ-રૂનો ભાવ આ મહીનામાં ઘણા ખરા દિવસ તેજ રહેશે. ઘઉં અને ચાંદીનો ભાવ કેટલા એક દિવસ તેજ રહ્યા બાદ પાછળથી થોડો ઘણો નરમ પડશે, જુવાર ઘી, બાજરી, ચોખાનો ભાવ નરમ પડશે. તલ, તેલ, કોસંબી અને મગફળીનો ભાવ સાધારણ તેજ રહેશે. અળસી, ગોળ, મરચાં, હળદર અને ધાંણાનો ભાવ નરમ પડશે. તુવેર અને ચણાંનો ભાવ સામાન્ય રહેશે. કપાસીયાનો ભાવ થોડા એક દિવસ તેજ રહી પાછળથી સાધારણ રહેશે. વર્ષાદ સારી પેરે વર્ષશે જેથી અનાજનો ભાવ ઘણો ખરો નરમ પડશે.

" જુદી જુદી રાશીવાળાં મનુષ્યો ઉપર આ મહીનાના ફળની અસર "

મેષરાશિ અથવા લગ્નમાં જન્મેલાઓને આ મહીનામાં પૈસા સારી પેઠે મળશે. સ્ત્રી, પુત્ર તથા પોતાની પ્રકૃતિ આરોગ્ય રહેશે. વ્યાપાર ઉદ્યોગમાં સારો ફાયદો થવાથી મન આનંદમાં રહેશે.

વૃષભ લગ્ન અથવા રાશિમાં જન્મેલાઓને પૈસા સારા મળશે તેમજ ખર્ચ પણ વધારે થશે. સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે, પરંતુ પોતાને તથા બાળકોને બિમારી થશે. વ્યાપારમાં ફાયદો સારો થશે. પરંતુ મન અશાન્ત રહેશે.

મિથુન લગ્ન અથવા રાશિવાળાઓને દ્રવ્ય લાભ સારો

થશે. સઘળાંની પ્રકૃતિ આરોગ્ય રહેશે. મુસાફરી કરવી પડશે. વ્યાપાર ઉદ્યોગમાં જય મળશે અને સુખ શાન્તિમાં દીવસ જશે.

કર્ક રાશિવાળાઓને પૈસા સારી પેઠે મળશે તેમજ ખર્ચ પણ વધારે થશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બાળકોને બિમારી થશે. શત્રુ ઉત્પન્ન થશે પરંતુ તેથી નુકશાન થશે નહિ. વ્યાપાર ઉદ્યોગની સ્થિતિ સાધારણ રહેશે.

સિંહ રાશિવાળાઓને દ્રવ્ય લાભ સારો થશે. બચ્ચાંઓને તથા સ્ત્રીને બિમારી થશે. પોતાની પ્રકૃતિ ઠીક રહેશે. વ્યાપાર ઉદ્યોગમાં જય મળશે.

કન્યા રાશિવાળાઓને પૈસા સારી પેઠે મળશે. સ્ત્રી, બાળકો તેમજ પોતાની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપારમાં જય મળશે. ખર્ચ વધારે થશે.

તુલા રાશિવાળાઓને પૈસા સારા મળશે. વ્યાપાર સાધારણ ચાલશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બાળકોને બિમારી થશે. વ્યવસાયમાં જય અપજયની સ્થિતિ સમાન રહેશે.

વૃશ્ચિક રાશિવાળાઓને પૈસા સારી પેઠે મળશે, પરંતુ ખર્ચ પણ અધિક થશે. ટંટા ફીસાદ ઉત્પન્ન થશે પરંતુ તેમાં જય મળશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. સ્ત્રીને પરચુરણ બિમારી થશે. વ્યાપાર ઉદ્યોગ સારી પેઠે ચાલશે.

ધન રાશિવાળાઓને પૈસા સારી પેઠે મળશે. કોર્ટમાંથી જય મળશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. સ્ત્રીને સાધારણ બીમારી થશે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે.

મકર રાશિવાળાઓને પૈસા સાધારણ રીતે ઠીક મળશે. પો-

તાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બાળકોને બીમારી થશે. કોર્ટ વિગેરેમાંથી જય મળશે પરંતુ ખર્ચ અધિક થશે. વ્યાપાર ઉદ્યોગમાં લાભ ગેરલાભની સ્થિતિ સરખી રહેશે.

કુંભ રાશિવાળાઓને પૈસા સારી પેઠે મળશે. સ્ત્રીને સાધારણ બીમારી થશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે, સ્ત્રીને સાધારણ બીમારી થશે. મુસાફરી કરવી પડશે. વ્યાપાર વિગેરે સઘળાં કાર્યોમાં યશ મળશે.

મીન લગ્ન કિંવા રાશિવાળાઓને દ્રવ્ય લાભ સારો થશે. સ્ત્રી, બાળકો તથા પોતાની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર વિગેરે સઘળાં કાર્યોમાં જશ મળશે. મન આનંદમાં રહેશે.

આસો મહીનાનું ફળ.

આસો સુદી ૧ બુધવાર તા. ૧ અકટોમ્બર ૧૯૧૩ બુધવાર છે જેથી રૂ. તલ, તેલ, મગફળીનો ભાવ તેજ રહેશે. ઘઉંનો ભાવ પણ થોડો તેજ થશે. કપાસીયા અને ચાંદીનો ભાવ સામાન્ય રહેશે ઘી, ગોળ, અળસી અને બીજા અનાજનો ભાવ પણ નરમ થશે.

આસો સુદી ૪ શુક્રવાર તા. ૩-૧૦-૧૯૧૩ તુલા રાશિનો બુધ થાય છે જેથી રૂ નો ભાવ નરમ થશે. ચાંદી અને કપાસીયાંનો ભાવ વધશે. તલ, તેલ, અળસી, કોસબી અને મગફળીનો ભાવ તેજ થશે. બીજા અનાજનો ભાવ નરમ રહેશે પરંતુ ઘઉં અને તુવેરનો ભાવ તેજ થશે. ઘી, ગોળ મોંઘાં વેચાશે.

આસો શુદી ૧૪ મંગળવાર તા. ૧૪-૧૦-૧૯૧૩ કન્યા રાશિનો શુક્ર થાય છે જેથી રૂ. ચાંદી અને કપાસીયાંનો ભાવ ઘણોજ

તેજ થશે. ઘઉં, જુવાર, ચોખા અને બાજરીનો ભાવ નરમ પડશે. તુવેર, તલ, તેલ અને ઘીનો ભાવ પણ તેજ થશે. અળસીનો ભાવ સાધારણ રહેશે અને ગોળ મોંઘો વેચાશે.

આસો વદી ૧ ગુરૂવાર તા. ૧૬-૧૦-૧૯૧૩ તુલા સંક્રાન્તિ બેસે છે જેથી રૂ, ઘઉં, ગોળ અને ઘીના ભાવમાં વધારો થશે, કપાસીયા અને ચાંદીનો ભાવ સામાન્ય રહેશે જુવાર, બાજરી અને ચોખાનો ભાવ પણ હશે તેવોને તેવોજ રહેશે. મરચાં, ધાણા, અને અળસીનો ભાવ નરમ પડશે.

આસો વદી ૮ ગુરૂવાર તા. ૨૩-૧૦-૧૯૧૩ વૃશ્ચિક રાશિનો બુધ થાય છે જેથી રૂ. જુવાર, બાજરી, ચોખાનો ભાવ નરમ થશે. ચાંદી, કપાસીયા, અળસી, ઘઉં, તુવેર, મગફળી અને કોસબીના ભાવમાં વધારો થશે.

જુદી જુદા ફળનો એકંદર સારાંશ રૂ, કપાસીયા અને ચાંદીના ભાવમાં ઘણીજ વધઘટ થશે. અળસીનો ભાવ માત્ર એકાદ અઠવાડીયું તેજ થઇને પછી ઘણા ખરા દિવસ નરમ રહેશે. ઘઉંનો ભાવ સાધારણ તેજ થશે. જુવાર, બાજરી, ચોખાનો ભાવ નરમ રહેશે. તલ, તેલ, કોસંબી મગફળી, ગોળ, ઘીનો ભાવ તેજ રહેશે. તુવેર અને મરચાનો ભાવ સાધારણ અને ધાણાનો ભાવ નરમ થશે.

"જુદી જુદી રાશિનાં મનુષ્યો માટે આ મહીનાનું ફળ."

મેષ લગ્ન અથવા રાશિમાં જન્મેલાંઓને—આ મહીનામાં દ્રવ્ય લાભ સારો થશે. પોતાની અને બાળકોની પ્રકૃતિ સારી રહેશે.

સ્ત્રીને સાધારણ બીમારી થશે. વ્યાપાર ઉદ્યોગમાં સારો ફાયદો થશે મુસાફરી કરવી પડશે. કોર્ટ સબંધિ કાર્યોમાં જય મળશે.

વૃષભ રાશિવાળાઓને—પૈસા સાધારણ મળશે. સ્ત્રી તથા બાળકોની પ્રકૃતિ તનદુરસ્ત રહેશે, પરંતુ પોતાને થોડી ઘણી બીમારી થશે. વ્યાપાર મધ્યમ ચાલી તેમાં નુકશાની આવશે. શત્રુ ઉત્પન્ન થશે તેથી મન ઉદ્વેગમાં રહેશે.

મિથુન રાશિવાળાઓને—દ્રવ્ય લાભ ઉત્તમ થશે. સ્ત્રી તથા પોતાની પ્રકૃતિ સારી રહેશે. બાળકોને બીમારી થશે. વ્યાપાર ઉદ્યોગ, કોર્ટમાં જય મળશે. પ્રવાસ કરવો પડશે.

કર્ક રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સાધારણ થશે, ખર્ચ અધિક થશે. પોતાની અને બાળકોની પ્રકૃતિ સારી રહેશે સ્ત્રી બીમાર પડશે. વ્યાપારમાં મધ્યમ ફાયદો થશે. શત્રુ ઉત્પન્ન થશે પરંતુ ફાવશે નહિ, મન કંઇક ઉદ્વેગમાં રહેશે.

સિંહ રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. સ્ત્રી બાળ બચ્ચાં તથા પોતાની પ્રકૃતિ આરોગ્ય રહેશે. વ્યાપાર ઉદ્યોગ સારી સ્થિતિમાં ચાલશે. એક સ્થળેથી બીજા સ્થળે જવાનું થશે બીજા પણ પરચુરણ લાભો થશે જેથી મન આનંદમાં રહેશે.

કન્યા રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે પરંતુ ખર્ચ અધિક થશે, તેમજ બીજું પણ કેટલુંએક નુકશાન થશે. સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બાળકો તથા પોતાને આજારી થશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલશે. વિરોધ ઉત્પન્ન થશે જેથી મન કંઇક ઉદ્વેગમાં રહેશે.

તુલા રાશિવાળાઓને—દ્રવ્ય લાભ ઉત્તમ થશે. પોતાની અને બાળકોની પ્રકૃતિ સારી રહેશે. સ્ત્રીને સાધારણ માંદગી થશે. વ્યાપાર

ઉદ્યોગ સારી રીતે ચાલશે. વિરોધ ઉત્પન્ન થશે તેમાં જય મળશે. બીજા પણ છુટા છવાયા લાભો થવાથી મન આનંદમાં રહેશે.

વૃશ્ચિક રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે ખર્ચ પણ અધિક થશે. સર્વે કુટુંબ આરોગ્યતા ભોગવશે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે શત્રુ ઉત્પન્ન થશે પરંતુ તે ફાવશે નહિ.

ધન રાશિવાળાઓને—પણ દ્રવ્ય લાભ સારો થશે. સ્ત્રી અને પોતાની પ્રકૃતિ સારી રહેશે. બાળકોને માંદગી ભોગવવી પડશે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે. પ્રવાસ કરવો પડશે તેમાં લાભ થશે.

મકર રાશિવાળાઓને—દ્રવ્ય લાભ કમી થશે સ્ત્રી, બાળ બચ્ચાં અને પોતાની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ રીતે ચાલશે. વિરોધના ઉત્પન્ન થશે, મન અસ્વસ્થ રહેશે.

કુંભ રાશિવાળાઓને—દ્રવ્ય લાભ ઉત્તમ થશે. પોતાની અને સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બાળકોને માંદગી ઉત્પન્ન થશે. વ્યાપાર ઉદ્યોગમાં સારો ફાયદો થશે. પ્રવાસ કરવો પડશે. બીજા પણ અનેક લાભ થશે.

મીન રાશિવાળાઓને—પૈસા સાધારણ રીતે ઠીક મળશે ખર્ચ અને નુકશાન પણ થશે પોતાને કંઇક બીમારી થશે, પરંતુ સ્ત્રી અને બાળકોના પ્રકૃતિ આરોગ્ય રહેશે. વ્યાપાર ઉદ્યોગમાં મધ્યમ ફાયદો થશે અને શત્રુતા ઉત્પન્ન થશે.

કાર્તિક મહીનાનું ફળ.

કાર્તક સુદી ૧ ગુરૂવાર તા. ૩૦-૧૦-૧૯૧૩—નવું બેસતુ વર્ષ ગુરૂવારે છે જેથી રૂ અને કપાસીયાનો ભાવ નરમ પડશે. ચાંદી-

નો ભાવ થોડો ઘણો વધશે. ઘઉં, તલ, તેલ, અળસી, મગફળી અને કોસંબીનો ભાવ તેજ થશે. બાજરીનો ભાવ સાધારણ રહેશે.

કાર્તક સુદી ૯ શુક્રવાર તા. ૭ નવેમ્બર ૧૯૧૩—તુલા રાશિનો શુક્ર થાય છે જેથી રૂ, ચાંદી અને કપાસીયાંનો ભાવ તેજ થશે. ઘઉં, જુવાર, બાજરી, ચોખાનો ભાવ નરમ પડશે. તલ, તેલ, કોસંબી, મગફળી, ઘી, ગોળ, મરચાં, ધાણા, અને હળદર એ ચીજો મોંઘા વેચાશે.

કાર્તક વદી ૨ શનિવાર તા. ૧૫-૧૧-૧૯૧૩—વૃશ્ચિક સંક્રાન્તિ બેસે છે જેથી રૂ નો ભાવ તેજ થશે. ચાંદી અને કપાસીયાંનો ભાવ સાધારણ રહેશે. ઘઉંનો ભાવ થોડો તેજ થશે. જુવાર, બાજરી, ચોખા અને અળસીનો ભાવ નરમ પડશે. હળદર અને ધાણાનો ભાવ થોડો તેજ થશે. ઘીનો ભાવ નરમ પડશે અને તલ તથા તેલનો ભાવ તેજ થશે.

કાર્તક વદી ૬ બુધવાર તા. ૧૯-૧૧-૧૯૧૩—અનુરાધા મહા નક્ષત્ર બેસે છે જેથી ગોળ, તુવેરનો ભાવ સાધારણ તેજ થશે. મરચાંનો ભાવ સાધારણ રહેશે. ચણાંનો ભાવ તેજ થઇ ટકેલો રહેશે. કોસંબી અને મગફળીનો ભાવ પણ તેજ થશે.

કાર્તક વદી ૧૩ બુધવાર તા. ૨૬-૧૧-૧૯૧૩—બુધ વક્ર ગતિનો થાય છે જેથી રૂ અને કપાસીયાંનો ભાવ થોડો નરમ થશે. ચાંદીનો ભાવ તેજ રહેશે. અળસી, તલ અને તેલ મોંઘું વેચાશે. બાજરીનો ભાવ નરમ અને ચોખા, ઘઉં, જુવારનો ભાવ થોડો ઘણો તેજ થશે. ઘી મોંઘું વેચાશે.

જુદાં જુદાં ફળોનો એકંદર સારાંશ—રૂ અને કપાસી-

ણનો ભાવ આઠેક દિવસ નરમ રહી બાકીનો સમય તેજ રહેશે. ચાંદીનો ભાવ ઘણા ખરા દિવસ તેજ રહેશે. તલ, અળસી, કપાસી અને મગફળીના ભાવમાં પણ ઘણો વધારો થશે. ઘઉં તેજ થશે. ઘી થોડા એક દિવસ તેજ થઇ પાછળથી ઘણાખરા દિવસ નરમ ભાવથીજ વેચાશે. જુવાર, બાજરી અને ચોખાનો ભાવ નરમ પડશે. તુવેર અને ચણાનો ભાવ સાધારણ રહેશે. મરચાં, ધાણા અને હળદરનો ભાવ નરમ રહેશે. કેટલીએક જગ્યોએ વર્ષાદ ઘણો સારો થશે.

"જુદી જુદી રાશિવાળાઓને આ મહીનાનું ફળ."

મેષ રાશિવાળાઓને—દ્રવ્ય લાભ ઉત્તમ થશે. સ્ત્રીને ઘણીજ સખ્ત માંદગી થશે. પોતાને પણ કંઇક પીડા ભોગવવી પડશે. બાળકોની પ્રકૃતિ સારી રહેશે. પ્રવાસ કરવો પડશે. વ્યાપાર તેમજ બીજા ઉદ્યોગોમાં ફાયદો થશે.

વૃષભ રાશિવાળાઓને:—પૈસા સાધારણ મળશે. સ્ત્રી અને બાળકોની પ્રકૃતિ સારી રહેશે. પોતાને થોડી ઘણી બીમારી થશે. વિરોધ ઉત્પન્ન થઇ તેનું સમાધાન થશે. વ્યાપાર ઉદ્યોગ વિગેરે કાર્યોમાં ફાયદો કમતી થશે જેથી મન અસ્વસ્થ રહેશે.

મિથુન રાશિવાળાઓને:—પૈસા સારી રીતે મળશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બાળકોને થોડી ઘણી બીમારી થશે, મુસાફરી કરવી પડશે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે.

કર્ક રાશિવાળાઓને:—પૈસા સાધારણ મળશે, પરંતુ ખર્ચ પણ વધારે થશે. સ્ત્રીને પરચુરણ બીમારી થશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. વિરોધ ઉત્પન્ન થવાથી મન અસ્વસ્થ રહેશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ રીતે ચાલશે.

સિંહ રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સારો થશે. પોતાની, સ્ત્રીની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. પ્રવાસ કરવો પડશે. અગર સ્થળ બદલ થશે. વ્યપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે.

કન્યા રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સાધારણ થશે. દરેકની પ્રકૃતિ સારી રહેશે પરંતુ બાળકોને કંઇક બિમારી થશે. વ્યાપાર ઉદ્યોગમાં નફાટોટાનું પ્રમાણ સરખું રહેશે, શત્રુ ઉત્પન્ન થશે જેથી મન અસ્વસ્થ રહેશે.

તુલા રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સારી રીતે થશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. પરંતુ સ્ત્રીને થોડી ઘણી બીમારી થશે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે. બીજા કેટલાએક પરચુરણ લાભો થશે.

વૃશ્ચિક રાશિવાળાઓને:—પૈસા સારી રીતે મળશે. પોતાની સ્ત્રીની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યાગ સારી પેઠે ચાલશે, ટંટા ઉત્પન્ન થશે તેમાં જય મળશે.

ધન રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ ઉત્તમ થશે. સઘળાં કાર્યોમાં જશ મળશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. બાળકોને બીમારી થશે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે.

મકર રાશિવાળાઓને:—પૈસા ઓછા મળશે. માત્ર સ્ત્રીની પ્રકૃતિ બીમાર રહેશે. ટંટા તેમજ શત્રુ ઉત્પન્ન થશે. વ્યાપાર ઉદ્યોગ વિગેરે કાર્યો સારી રીતે ચાલશે નહિ. મન અસ્વસ્થ રહેશે.

કુંભ રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સારો થશે. વ્યાપાર ઉદ્યોગ વિગેરે સારી પેઠે ચાલશે. સઘળું કુટુંબ આરોગ્યતા ભોગવશે. કોઈ તરફથી ફાયદો થશે. પ્રવાસ કરવો પડશે.

મીન રાશિવાળાઓને:—પૈસા સાધારણ રીતે ઠીક મળશે, તેમજ ખર્ચ અને નુકશાન પણ થશે. સ્ત્રી અને બાળકોની પ્રકૃતિ સારી રહેશે. પોતાને કાંઇક બીમારી ભોગવવી પડશે. ઉદ્યોગ મંદા ચાલશે જેથી મન અસ્વસ્થ રહેશે.

માગસર મહીનો.

માગસર સુદી ૨ તા. ૨૯-૧૧-૧૯૧૩:—શનિવાર છે જેથી રૂ અને કપાસીયાંનો ભાવ નરમ રહેશે. ચાંદીનો ભાવ વધશે. તલ, તેલ, અળસી, મગફળી અને કોસંબીનો ભાવ તેજ થશે. ઘઊં અને ઘી સાધારણ રીતે તેજ થશે. મરચાં, હળદર અને ધાણાનો ભાવ સાધારણ રહેશે અને બાજરીનો ભાવ નરમ પડશે.

માગસર સુદી ૫ મંગળવાર:—વૃશ્ચિક રાશિનો શુક્ર થાય છે જેથી રૂ, ચાંદી અને કપાસીયાનો ભાવ ઘણોજ તેજ થશે. ઘઉંનો ભાવ સાધારણ રહેશે. જુવાર બાજરી અને ચોખાંનો ભાવ નરમ રહેશે. ગોળ અને ઘીનો ભાવ તેજ થશે. અળસી, તલ તેલ અને કોસંબાનો ભાવ તેજ હોઇ ટકી રહેશે.

માગસર સુદી ૭ શુક્રવાર તા. ૭-૧૨-૧૩:—બુધ માર્ગી થાય છે જેથી કપાસીયા અને રૂનો ભાવ ઘણોજ તેજ થશે. ચોખાંનો ભાવ થોડો વધશે. ઘઊં, જુવાર અને બાજરીનો ભાવ સાધારણ રહેશે. તલ, તેલ, કોસંબા, મગફળી અને અળસીના ભાવમાં ઘણી વધઘટ થશે નહિ. ઘીનો ભાવ તેજ અને ગોળનો ભાવ નરમ રહેશે. ચાંદીનો ભાવ ચઢશે અને હલદર તથા ધાણાનો ભાવ સાધારણ રહેશે.

માગસર વદી ૨ સોમવાર તા. ૧૫-૧૨-૧૩:—મીન સં-

ક્રાન્તિ બેસે છે જેથી ૨ અને કપાસીયાનો ભાવ ઘણોજ નરમ પડશે. ચાંદીનો ભાવ તેજ રહેશે. ઘઉં જુવાર અને ચોખાનો ભાવ તેજ રહેશે. બાજરીનો ભાવ સાધારણ રહેશે. ગોળ અને ઘીનો ભાવ તેજ રહેશે. તલ, તેલ, અળસી, કોસંબી અને મગફળીનો ભાવ વધશે. મરચાં, હળદરનો ભાવ થોડો તેજ થશે.

માગસર વદી ૧૪ શુક્રવાર તા. ૨૬-૧૨-૧૩:—ધન રાશિનો શુક્ર થાય છે જેથી ૨, ચાંદી અને કપાસીયાનો ભાવ ઘણોજ તેજ થશે. અળસી, તલ, મગફળી, અને તેલનો ભાવ સાધારણ રહેશે. કોસંબીનો ભાવ પણ સાધારણ રહેશે. જુવારનો ભાવ થોડો તેજ થશે. બાજરી, ચોખા, ધાણા અને મરચાંનો ભાવ સાધારણ રહેશે. ઘઉં અને ગોળનો ભાવ તેજ થશે.

જુદાં જુદાં ફળનો એકંદર સારાંશ:—આ મહીનામાં ૨ અને કપાસીયાનો ભાવ તેર, ચૌદ દિવસ સાધારણ નરમ રહી બાકીના દિવસોમાં ઘણોજ તેજ રહેશે. ચાંદીનો ભાવ ઘણાખરા દિવસો સુધી તેજ રહેશે. અળસી, કોસંબી, મગફળી, અને તલનો ભાવ વધી જશે. ગોળ તથા ઘીના ભાવમાં પણ વધારો થશે. હળદર, મરચાં અને ધાણાંનો ભાવ સાધારણ રહેશે. બાજરી, જુવાર અને ચોખાના ભાવમાં વધઘટ ન થતાં હશે તેવોને તેવોજ કાયમ રહેશે. પ્લેગ તથા ત્રિદોષ જ્વર જેવા રોગોનો ઉપદ્રવ ચાલશે. કેટલા એક સ્થળોમાં વધારે ઓછી વર્ષાદ થશે.

જુદી જુદી રાશિવાળાં મનુષ્યો ઉપર આ મહીનાના સંજોગોની અસર.

મેષરાશિ કિંવા લગ્નમાં જન્મેલાંઓને;—પૈસા સારી પેઠે

પ્રાપ્ત થશે. સ્ત્રીને તેમજ પોતાને કંઇક બિમારી ભોગવવી પડશે. બાળકો તનદુરસ્ત રહેશે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે. શત્રુ ઉત્પન્ન થશે પરંતુ તે ફાવશે નહિ.

વૃષભ રાશિવાળાઓને—પૈસા સાધારણ મળશે. સ્ત્રી તથા બાળકો આરોગ્યતા ભોગવશે. શત્રુ ઉત્પન્ન થશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ રીતે ચાલશે જેથી પોતાને માનસિક પીડા ઉદ્વેગ ઉત્પન્ન થશે.

મિથુનરાશી વાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. સ્ત્રી તથા પોતાની પ્રકૃતી સારી રહેશે. બાળકોની પ્રકૃતી કંઇક બગડશે. વેપાર ઉદ્યોગ સારો ચાલશે. કોર્ટમાં કેશ ચાલતો હશે તેમાં જય મળશે.

કર્કરાશી વાળાઓને— પઇસા સાધારણ મળશે, અને ખર્ચ વધુ થશે. દરેકની પ્રકૃતી સારી રહેશે. વેપાર ઉદ્યોગ સાધારણ ચાલવાથી મન ઉદ્વેગમાં રહેશે.

સીંહરાશી વાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. દરેકની પ્રકૃતી આરોગ્ય રહેશે. વેપાર ઉદ્યોગ સારો ચાલશે, પરંતુ પ્રયાસ કરવો પડશે.

કન્યારાશી વાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. પરંતુ ખર્ચ પણ વધારે થશે. પોતાની તથા સ્ત્રીઓની તબીયત સારી રહેશે પરંતુ બાળકોની તનદુરસ્તી સારી રહેશે નહી. વેપાર ઉદ્યોગની સ્થીતિ સાધારણ ચાલશે. વિરોધ ઉત્પન્ન થશે. તેથી મન કંઇક ઉદ્વેગમાં રહેશે.

તોલારાશી વાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. દરેકની પ્રકૃતી તનદુરસ્ત રહેશે વ્યાપાર ખેતી વગેરે ઉદ્યોગ સારા ચાલશે, પ્રયાસ કરવો પડશે. કોર્ટમાં જય મળશે.

વૃશ્ચીકરાશી વાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. દરેકની

પ્રકૃતી સારી રહેશે. કોર્ટમાં જ્ય મળશે, વિરોધ ઉત્પન્ન થશે.

ધનરાશી વાળાઓને—દ્રવ્ય લાભ સારો થશે. ખેતી, વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે દરેક કુંટુંબની પ્રકૃતિ સારી રહેશે. પ્રવાસ કરવો પડશે.

મકરરાશી વાળાઓને—દ્રવ્ય લાભ ઓછો થશે. દરેકની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલી તેમાં નુકશાન જવાથી મન ઉદ્વેગમાં રહે તેમજ વિરોધ ઉત્પન્ન થાય.

કુંભરાશી વાળાઓને—દ્રવ્ય લાન સારો થાય. પોતાની, સ્ત્રીની તથા બાળકોની પ્રકૃતિ સારી રહે પરંતુ બાંદ્ધમાં બિમારી થાય. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે તેથ. મન આનંદમાં રહે.

મીનરાશી વાળાઓને—પૈસો સારો મળશે. પરંતુ થોડું ઘણું ખર્ચ તેમજ નુકશાન પણ થશે. પોતાને બીમારી થાય. બાળકો તથા સ્ત્રીની પ્રકૃતિ સારા રહે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે પરંતુ શત્રુ ઉત્પન્ન થવાથી મન ઉદ્વેગમાં રહે.

——:०:——

પોષ મહીનાનું ફળ.

પોષ સુદી ૧ રવીવાર તા. ૨૮-૧૨-૧૩—પુર્વાષાઢા નક્ષત્ર બેસે છે. જેથી રૂ, કપાસીયા અને ચાંદીનો ભાવ તેજ થાય. અનાજનો ભાવ સાધારણ રહે. ઘીનો ભાવ તેજ થાય.

પોષ સુદી ૩ મંગળવાર તા. ૩૦-૧૨-૧૩—ધન રાશિનો બુધ થાય છે. જેથી રૂ અને કપાસનો ભાવ વધીને તેજ થાય. ઘઉં, જુવાર અને ચોખાનો ભાવ સમતોલ રહે. બાજરીનો ભાવ તેજ થાય.

બી મોંઘું વેચાય. અળસી, તલ, કોસંબી, મગફળીનો ભાવ સાધારણ રહે. ગોળના અને ચાંદીના ભાવમાં ઘટાડો થાય.

પોષ સુદી ૧૩ શનિવાર તા. ૧૦ જાન્યુઆરી સને ૧૯૧૪—ઉત્તરાષાઢા મહા નક્ષત્ર બેસે છે જેથી જુવાર, ઘઉં, ચોખા, મરચાં, હળદર, ધાણાના ભાવમાં વધારો થાય.

પોષ વદી ૧ મંગળવાર તા. ૧૩-૧-૧૪—મકર સંક્રાન્તિ બેસે છે જેથી રૂ, બાજરી, ચંાના, ભાવ તેજ થાય અને ચાંદી, કપાસીયાંનો ભાવ સમતોલ રહે. ઘઉં, જુવાર, ચોખા, તેલ, તલ, અળસીના ભાવમાં ઘટાડો થાય.

પોષ વદી ૭ રવીવાર તા. ૧૮-૧-૧૪—મકર રાશિનો શુક્ર થાય છે જેથી રૂ, કપાસીયા, જુવાર, બાજરી, ઘઉં, તલ, તેલ, મગફળી, કોસંબી અને ઘીના ભાવમાં વધારો થાય. ધાણાનો ભાવ સાધારણ રહે. ચાંદીના ભાવમાં ઘટાડો થાય.

આખા મહીનાના જુદા જુદા ફળોનો એકંદર સાર—રૂ અને કપાસીયાનો ભાવ વધારે તેજ રહે. ચાંદીનો ભાવ ઘણાખરા દિવસ મંદ રહે. ઘઉં, જુવાર, બાજરી અને ચોખાંનો ભાવ ઘણાખરા દિવસ તેજ રહી પાછળથી સાધારણ ભાવથી વેચાય. તલ, તેલ, કોસંબી, મગફળી, એ ચીજોનો ભાવ જે હોય તેનો તે કાયમ રહે. અળસીનો ભાવ નરમ રહે. ઘીનો ભાવ તેજ રહે. તુવેર, ગોળનો ભાવ મંદ રહે. હળદર, ધાણા અને મરચાંનો ભાવ થોડો એક તેજ રહે. કેટલી એક જગ્યોએ, છુટા છવાયો પ્લેગનો ઉદ્ભવ થશે. વાતાવરણ અનિયમિત થઇ કેટલીએક જગ્યાએ વૃષ્ટિ થશે.

"બારે રાશિવાળાં મનુષ્યો માટે આ મહીનાનું શુભા શુભ ફળ."

મેષ લગ્ન કે રાશિવાળાં મનુષ્યોને—આ મહીનામાં દ્રવ્ય લાભ ઓછો થશે. સ્ત્રીની પ્રકૃતિમાં બગાડ થાય. પોતાને પણ કંઈક બીમારી થાય. બાળકો તનદુરસ્તી ભોગવે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે નહિ, પરંતુ કોર્ટ સબંધિ કાર્યોમાં જય મળે. મન અવસ્વસ્થ રહે.

વૃષભ રાશિવાળાઓને—દ્રવ્ય લાભ સાધારણ થાય. પોતાની પ્રકૃતિમાં બીગાડો થાય. પરંતુ સ્ત્રી અને બાળકોની તનદુરસ્તી સારી રહે. પ્રવાસ કરવો પડે. વિરોધ ઉત્પન્ન થાય. વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલે અને ખર્ચ વિશેષ થાય જેથી મન ઉદ્વેગમાં રહે.

મિથુન રાશિવાળાઓને—દ્રવ્ય લાભ ઓછો થાય. સ્ત્રી, બાળકોની પ્રકૃતિ થોડી ઘણી બગાડે પરંતુ પોતાની પ્રકૃતિ સારી રહે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલે નહિ. વિરોધ ઉત્પન્ન થાય. નુકશાન તથા ખર્ચ વધારે થાય જેથી મન અશાન્તિમાં રહે.

કર્ક રાશિવાળાઓને:—પૈસો સાધારણ મળે. પ્રવાસ કરવો પડે, અગર જો નોકરી હોય તો બદલી થાય. સ્ત્રીને પરચુરણ મંદગી થાય. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહે. વ્યાપાર, ઉદ્યોગ સાધારણ ચાલે. વિરોધ ઉત્પન્ન થાય.

સિંહ રાશિવાળાઓને:—દ્રવ્યલાભ ઘણો ઓછો થાય. શત્રુ ઉત્પન્ન થાય ધન, ધાન્ય, ઢોર વિગેરે સંપતિમાં કંઈક નુકશાન થાય જેથી વિટંબણા થાય. વ્યાપાર, ઉદ્યોગમાં ફાયદો થાય નહિ જેથી મન ઉદ્વેગ રહે અને કેટલીએક પ્રકારની મુંઝવણ ઉત્પન્ન થાય. પરંતુ દરેકની પ્રકૃતિ સારી રહે.

કન્યા રાશિવાળાઓને:—પૈસો ઓછો મળે. છોકરાંને પર-ચુરણ આજાર થાય. પોતાને પણ કંઇક બિમારી થાય. સ્ત્રી આરોગ્યતા ભોગવે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલે. વિરોધ ઉત્પન્ન થાય. અને પૈસા સંબંધિ કંઇક નુકશાન થાય.

તુળા રાશિવાળાઓને:—પૈસો ઓછો મળે. સ્ત્રીને કંઇક મંદગી થાય વ્યાપાર, ઉદ્યોગ સારો ચાલે નહિ, શત્રુ ઉત્પન્ન થાય. નુકશાન અને ખર્ચ વધારે થાય. જેથી મન ઉદ્વેગતામાં રહે.

વૃશ્ચિક રાશવિાળાઓને:—પૈસાનો લાભ સાધારણ થાય, પ્રવાસ કરવો પડે અથવા એક સ્થળેથી બીજા સ્થળે જવું પડે. દરેકની પ્રકૃતિ સારી રહે. કોર્ટ સંબંધિ કાર્યોમાં જય મળે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલે અને ખર્ચ વિશેષ થાય.

ધન રાસિવાળાઓને:—પૈસો સાધારણ મળે. સ્ત્રીની તથા પોતાની પ્રકૃતિ રહે અને બાળકોની પ્રકૃતિ સાધારણ રહે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલે.

મકર રાશિવાળાઓને:—પૈસો સાધારણ મળે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલે નહિ. સ્ત્રી અને બાળકોની પ્રકૃતિ સારી રહે. પરંતુ પોતાની પ્રકૃતિમાં કંઇક બગાડો થાય. શત્રુ ઉત્પન્ન થાય. તેમજ બીજું પણ કેટલુંએક નુકશાન થાય. જેથી મન અસ્વસ્થ રહે.

કુંભ રાશિવાળાઓને.—દ્રવ્યલાભ ઘણો થોડો થાય. વ્યાપાર ઉદ્યોગ બરાબર ચાલે નહિ અને ઉલટું નુકશાન થાય. બાળકોને સાધારણ બીમારી થાય. પોતાની અને સ્ત્રીની પ્રકૃતિ સારી રહે. અનેક પ્રકારની વિટંબણાઓ ઉત્પન્ન થાય જેથી મન અતિશય ઉદ્વેગમાં રહે.

મીન રાશિવાળાઓને:—પૈસો ઘણો ઓછો મળે. વ્યાપાર

ઉદ્યોગ ઓછો ચાલે. પોતાને કંઇક મંદગી થાય તેથી મન અસ્વસ્થ રહે. સ્ત્રી અને બાળકોની પ્રકૃતિ સારી રહે. શત્રુ ઉત્પન્ન થાય, તેમજ બીજે પણ કંઇક વિરોધ ઉત્પન્ન થાય.

મહા મહિનાનું ફળઃ

મહા સુદી ૧ મંગળવાર તા. ૨૭-૧-૧૪:—મંગળવાર છે જેથી રૂનો ભાવ અતિશય તેજ થાય. કપાસીયાંનો ભાવ પણ થોડો ઘણો વધે. ચાંદી અને ચોખાનો ભાવ સાધારણ રહે. ઘઉં, જુવાર, બાજરી, એને કોસંબી, તલ અને તેલનો ભાવ પણ થોડો ઘણો વધે. ઘી મોંઘું વેચાય. તુવેરના ભાવમાં ઘટાડો થાય.

માહા સુદી ૭ સોમવાર તા. ૨-૨-૧૪ કુંભ રાશિનો બુધ થાય છે જેથી કપાસીયા, રૂ, ચાંદી, હળદર, ધાણાનો ભાવ તેજ થાય. ઘઉં, જુવાર બાજરી, ચોખાંના ભાવમાં પણ થોડો વધારો થાય. તેલ, ઘી, કોસંબી તલના ભાવમાં પણ કંઇક તેજ થાય.

માહા વદી ૨ ગુરૂવાર તા. ૧૨-૨-૧૪ કુંભ સંક્રાન્તિ બેસે છે જેથી રૂ અને કપાસીયાંનો ભાવ ઘણોજ તેજ થશે. ચાંદીનો ભાવ ઉતરે. ઘઉં, જુવાર, અને ચોખાનો પણ તેજ થાય તલ, તેલ, કોસંબી તથા મગફળી અને ઘી મોંઘા વેચાય અને અળસીનો ભાવ નરમ પડે.

મહા વદી ૯ બુધવાર તા. ૧૮-૨-૧૪ શતભિષા મહા નક્ષત્ર બેસે છે. જેથી મરચાં, હળદર અને ધાણાનો ભાવ તેજ થાય. તુવેર, ચણાનો ભાવ નરમ પડે.

એકંદર સાર આ મહીનામાં રૂ અને કપાસનો ભાવ ઘણા ખરા દિવસ તેજ રહેશે. ચાંદીનો ભાવ બે ત્રણ દિવસ નરમ રહ્યા બાદ બાકીના દિવસોમાં તેજ રહેશે. ઘઉં, જુવાર, બાજરી, ચોખા એમનો ભાવ પણ સાધારણ વધશે. અળસીનો ભાવ ઘણા ખરા દિવસ મંદ રહેશે. તલ, તેલ, કોસંબી અને મગફળીના ભાવમાં વધારો થશે, ઘીનો ભાવ તેજ રહેશે. ગોળનો ભાવ થોડા એક દિવસ તેજ રહ્યા બાદ પાછળથી કેટલા એક દિવસો સુધી મંદ જ રહેશે. મરચાં, ધાણા, અને હળદરનો ભાવ સાધારણ રહેશે, વાયરાં અતિશય થશે અને કેટલી એક જગ્યા એ વર્ષાદ પણ વર્ષશે.

"જુદી જુદી રાશિવાળા મનુષ્યો માટે આ મહીનાનું ફળ."

મેષ લગ્ન અથવા રાશિવાળાઓને પૈસા સાધારણ મળશે. સ્ત્રી તથા પોતાને બીમારી થશે. બાળકો આરોગ્યતા ભોગવશે. વ્યાપાર ઉદ્યોગમાં ઓછો ફાયદો થશે. કોર્ટમાં જય મળશે.

વૃષભ રાશિવાળાઓને દ્રવ્ય લાભ સાધારણ થશે. સ્ત્રી તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. પોતાને કંઇક બીમારી થશે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલસે નહિ અને ખર્ચ વધારે થસે. શત્રુ ઉત્પન્ન થશે તથા કેટલું એક નુકશાન થશે જેથી મન ઉદ્વેગતામાં રહેશે.

મિથુન રાશિવાળાઓને દ્રવ્ય લાભ બીલકુલ કમી થશે. વ્યાપાર ઉદ્યોગ બીલકુલ નરમ ચાલી તેમાં કંઇ પણ ફાયદો ન થતાં શત્રુ ઉત્પન્ન થશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે. પરંતુ બાળકોને સાધારણ બીમારી થશે. અનેક પ્રકારની અડચણો આડે આવશે અને નુકશાન થશે.

કર્ક રાશિવાળાઓને પૈસા સાધારણ મળશે. સ્ત્રીને સાધારણ

મોંઘવારી થશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ રીતે ચાલશે અને મુસાફરી કરવી પડશે.

સિંહ રાશિવાળાઓને પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે, પરંતુ બાળકોને થોડી ઘણી બીમારી થશે. દ્રવ્ય લાભ ઓછો થશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલશે અને તેમાં અનેક પ્રકારની અડચણો આડે આવશે. શત્રુ ઉત્પન્ન થશે. કેટલું એક નુકશાન પણ થશે, જેથી મન ચિંતાનાં રહેશે.

કન્યા રાશિવાળાઓને પૈસા ઓછા મળશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલશે. સ્ત્રીની તથા બાળકોની પ્રકૃતિ બગડશે. વિરોધ ઉત્પન્ન થશે. તેમજ વળી કેટલું એક નુકસાન થશે.

તુલા રાશિવાળાઓને પણ દ્રવ્ય લાભ કમી થશે. પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે પરંતુ સ્ત્રીને બીમારી ભોગવવી પડશે. વ્યાપાર ઉદ્યોગ સારી પેઠે ચાલશે નહિં. ટંટા ફીસાદ ઉત્પન્નથશે.

વૃશ્ચિક રાશિવાળાઓને પૈસા સાધારણ રીતે સારા મળશે. પરંતુ ખર્ચ પણ વધારે થશે. સર્વની પ્રકૃતિ તનદુરસ્ત રહેશે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે, પરંતુ વિરોધ વધશે.

ધન રાશિવાળાઓને પૈસા ઓછા મળશે. સ્ત્રી તથા બાળકોને થોડી ઘણી બીમારી થશે. પોતાની જાતે આરોગ્યતા ભોગવશે વ્યાપાર ઉદ્યોગ સાધારણ ચાલશે જેથી મન ઉદ્વેગતામાં રહેશે.

મકર રાશિવાળાઓને પૈસા ઓછા મળશે. શત્રુ ઉત્પન્ન થશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ સ્થિતિમાં ચાલશે. બાળકો તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે પરંતુ પોતાને કંઇક બીમારી ભોગવવી પડશે. ટંટા ફીસામાં જય મળશે. પ્રવાસ કરવો પડશે.

કુંભ રાશીવાળાઓને—દ્રવ્ય લાભ ઘણોજ ઓછો થશે. વ્યાપાર ઉદ્યોગમાં અનેક પ્રકારની અડચણો અને સંકટ આડે આવશે પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે પરંતુ બાળકોને કંઇક બીમારી ભોગવવી પડશે. શત્રુ ઉત્પન્ન થશે તથા પૈસા સંબંધિ કંઇક નુકશાન પણ ભોગવવું પડસે, જેથી મન અત્યંત ઉદ્વેગમાં રહેશે.

મીન રાશીવાળાઓને—પૈસા સાધારણ રીતે સારા મળસે. સ્ત્રી તથા બાળકોની પ્રકૃતિ સારી રહેસે પરંતુ પોતાને કંઇક બીમારી ભોગવવી પડસે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલસે. કોર્ટ સંબંધિ કાર્યોમાં જય મળશે. પરંતુ ખર્ચ વિસેષ થસે થોડુંએક નુકશાન પણ થસે અને વિરોધ ઉત્પન્ન થસે જેથી મ. ઉદ્વેગતામાં રહેશે.

ફાગણ મહીનાનું ફળ.

ફાગણ સુદી ૨ શુક્રવાર તા. ૨૭—૨—૧૪:—મીન રાશિનો બુધ થાય છે જેથી રૂ અને કપાસીયાંનો ભાવ તેજ થશે. ચાંદીનો ભાવ પણ વધશે. બાજરી, ચોખા અને જુવારનો ભાવ સાધારણ રહેશે. ઘઉંનો ભાવ નરમ પડશે. તલ, તેલ, કોસબી અને મગફળી તથા ઘી, ગોળ મોંઘાં વેચાશે અને અળસીનો ભાવ સાધારણ રહેશે.

ફાગણ શુદી ૧૦ શનીવાર તા. ૭—૩—૧૪:—મીન રાશિનો શુક્ર થાય છે જેથી રૂ અને કપાસીયાનો ભાવ ઉતરે. ચાંદીનો ભાવ તેજ થાય. જુવાર અને ચોખાનો ભાવ સાધારણ તેજ થાય. ઘઉંનો ભાવ નરમ પડે. બાજરીનો ભાવ સાધારણ રહે. અળસી, તલ તેલ અને ઘીનો ભાવ તેજ થાય.

ફાગણ શુદી ૧૨ સોમવાર તા. ૯—૩—૧૪—બુધ વક્રી થઇને કુંભ રાશિમાં જાય છે જેથી રૂ અને કપાસીયાનો ભાવ તેજ થાય. ઘઊંનો ભાવ નરમ પડે. જુવાર, બાજરી અને ચોખાનો ભાવ સાધારણ તેજ થાય. તલ, તેલ અને કોસંબીનો ભાવ નરમ પડે. અળસીનો ભાવ વધે. ગોળનો ભાવ સાધારણ રહે. ઘી, મરચાં અને હળદરનો ભાવ તેજ થાય.

ફાગણ વદી ૧ શુક્રવાર તા. ૧૩—૩—૧૪:—મીન સંક્રાન્તિ બેસે છે જેથી રૂ, ચાંદી અને કપાસીયાંનો ભાવ તેજ થાય. ઘઊંનો ભાવ પણ વધે. ચોખા, જુવાર, બાજરી, એમનો ભાવ તેજ થઇ ટકી રહે.

એકંદર સાર:—આ મહીનામાં રૂ, કપાસીયા અને ચાંદીનો ભાવ થોડા એક દિવસમંદ રહેશે. પરંતુ ઘણા ખરા દિવસ તેજ ભાવ-થીજ વેચાશે. ઘઉં તલ, તેલ, કોસંબી અને મગફળીનો ભાવ ઘણા દિવશો સુધી તેજ રહેશે. અળસીનો ભાવ તો ઘણોજ વધી જશે. ઘી ગોળ એ બીજે પણ કેટલાએક દિવસ મોંઘા વેચાશે. બાજરી, ચોખા અને જુવારનો ભાવ વધ ઘટ થશે. ચણાંનો ભાવ નરમ પડસે. અને મરચાં, હળદર અને ધાણાંના ભાવ થોડા તેજ થશે.

“ જુદી જુદી રાશિવાળાં મનુષ્યો માટે આ મહીનાનું ફળ. ”

મેષ રાશિ કિંવા લગ્નમા જન્મેલાઓને:—આ મહીનામાં પૈસા સાધારણ મળશે. સર્વેની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ રીતે ચાલશે. ખેતીના ઉદ્યોગવાળાઓને ફાયદો થશે.

વૃષભ રાસિવાળાઓને:—દ્રવ્ય લાભ સારો થશે. પોતાની તથા સંતાનોની પ્રકૃતિ સારી રહેશે. આંને થોડી ઘણી પીડા થશે.

વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે પરંતુ પ્રવાસ અથવા સ્થળ બદલ કરવુ પડશે. સઘળા કાર્યોમાં જય મળશે પરંતુ ખર્ચ અધિક થશે.

મિથુન રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ બિલકુલ થશે નહિ. બાળકોની પ્રકૃતિ સારી રહેશે, પોતાને તથા સ્ત્રીને બીમારી ભોગવવી પડશે. વ્યાપાર ઉદ્યોગમાં ફાયદો ન થતાં નુકશાન થશે. શત્રુ ઉત્પન્ન થશે અને વળી અનેક પ્રકારની અડચણો તથા મુંઝવણ ઉત્પન્ન થશે.

કર્ક રાશિવાળાઓને:—પૈસા સારા મળશે, પરંતુ ખર્ચ પણ વધારે થશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે, બાળકોને બીમારી થશે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે, પરંતુ પ્રવાસ કરવો પડશે અને વિરોધ ઉત્પન્ન થશે.

સિંહ રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ ઓછો થસે. શત્રુ ઉત્પન્ન થસે, પૈસાં સબંધિ નુકશાન થશે. સ્ત્રી તથા બાળકોને સાધારણ બીમારી ઉત્પન્ન થશે. પોતાને પણ કંઇક પીડા ઉત્પન્ન થશે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે નહિ અને મન ઉદ્દેગતામાં રહેશે.

કન્યા રાશિવાળાઓને:—પૈસા સારા મળશે. દરેકની પ્રકૃતિ સારી રહેશે વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે. કોર્ટમાં જય મળશે અને મન શાન્તિમાં રહેશે.

તુલા રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ કમી થશે. ખેતી, વ્યાપાર કે બીજો કોઇ પણ ઉદ્યોગ સારી રીતે ચાલશે નહિ અને નુકશાન થશે. પોતાની અને સ્ત્રીની પ્રકૃતિ સારી રહેગુ પરંતુ બાળકોને બીમારી થશે, ફતરૂ ઉત્પન્ન થશે અને ખર્ચ વધારે આવશે.

વૃશ્ચિક રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સાધારણ થશે. પોતાની અને બાળકોની પ્રકૃતિ સારી રહેશે પરંતુ સ્ત્રીને બીમારી થશે.

પ્રવાસ અથવા સ્થળ બદલ કરવું પડશે. વિરોધ ઉત્પન્ન થશે પરંતુ તેમાં જય મળશે. વ્યાપાર ઉદ્યોગ મધ્યમ રીતે ચાલશે. ખર્ચ વધારે થશે અને થોડું એક નુકશાન થશે.

ધન રાશિવાળાઓને:—દ્રવ્ય લાભ સાધારણ રીતે સારો થશે. વિરોધ ઉત્પન્ન થશે તેમાં જય મળશે. સ્ત્રીની પોતાની તથા બાળકોની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યોગ સાધારણ રીતે ચાલશે. ખર્ચ તેમજ પૈસાં સબંધિ થોડું એક નુકશાન પણ થશે.

મકરરાશી વાળાઓને—દ્રવ્ય લાભ સાધારણ રીતે સારો થશે. પ્રવાસ અથવા સ્થલ બદલ કરવું પડશે. દરેકની પ્રકૃતિ સારી રહેશે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે. કોર્ટ તરફથી જય મળશે. મન શાન્તિમાં રહેશે.

કુંભરાશી વાળાઓને—દ્રવ્ય લાભ ઘણો ઓછો થશે. પઇસાં સબંધિ વ્યવહારમાં કેટલીએક અડચણો આવશે. વ્યાપાર ઉદ્યોગ સારી રીતે ચાલશે નહિ. શત્રુ ઉત્પન્ન થશે. નુકશાન થશે અને મન અસ્વસ્થ રહેશે. પોતાની તથા સ્ત્રીની પ્રકૃતિ સારી રહેશે અને બાળકોને પરચુરણ બીમારી થશે.

મીનરાશી વાળાઓને—પઇસા ઓછા મળશે અને વિરોધ ઉત્પન્ન થશે. વ્યાપાર ઉદ્યોગ સારો ચાલશે નહિ અને કેટલીએક અડચણો આવશે, પરંતુ દરેકની પ્રકૃતિ સારી રહેશે.

---o---

વર્ષાદનો વર્તારો.

કૃતિકા નક્ષત્રનું ફળ.

આ નક્ષત્રમાં ગરમી અતિશય પડશે. અને સોલાપુર, વીજાપુર, ધારવાડ, બેલગામ, પુણા, નાશિક, સતારા એ જીલ્લાઓ તથા મધ્ય અને વરાડ પ્રાંતના ભાગોમાં ખંડ વૃષ્ટિ એટલે કોઈ સ્થળે વધારે તો કોઇ સ્થળે ઓછો પરંતુ સમળે વર્ષાદ થશે. નગર, ખાનદેશ, કોંકણ, અને ગુજરાતમાં વાદળાં ઘણાંજ થશે પરંતુ વર્ષાદ અતિશય કમી પડશે.

રોહિણી નક્ષત્રનું ફળ.

આ નક્ષત્રમાં પણ સતારા, પુના, સોલાપુર, ધારવાડ, બેલગામ, વરાડ અને મધ્ય પ્રાંતમાં સારી વૃષ્ટિ થશે. નાશિક, ખાનદેશ અને ગુજરાતમાં એ કરતાં ઓછી વૃષ્ટિ થશે. પવન જોરમાં ફુંકાશે. ગરમી અતિશય વધશે. મધ્ય હિન્દુસ્થાન અને નિજામના રાજ્યમાં પણ આ વર્ષાદ સારો વર્ષશે. કોંકણ, નગર અને વીજાપુર જીલ્લામાં આ વર્ષાદ વર્ષવાનો યોગ કમી છે.

મૃગશીર નક્ષત્રનું ફળ.

આ નક્ષત્ર જેઠ સુદી ૩ અને શનિવાર તા. ૭ મી જુન સને ૧૯૧૩ ના દિવસે બપોરના બેસે છે. જેથી એનો વર્ષાદ ઘણું કરીને સર્વે ઠેકાણે થશે. નાશિક, સોલાપુર, પુના, બેલગામ, ધારવાડ, સતારા અને પૂર્વ ખાનદેશ જીલ્લામાં તથા વરાડ, મધ્ય હિન્દુસ્થાન, મધ્યપ્રાંત

ગુજરાત અને નિઝામના રાજ્યમાં આ વર્ષાદ પુરતો થશે અને નગર, પશ્ચિમ ખાનદેશ, વિજાપુર જીલ્લામાં આ વર્ષાદ એ કરતાં ઓછો થશે. આ નક્ષત્રની શરૂઆતથીજ વર્ષાદનો આરંભ થશે અને એકંદરે સાત દિવસ સુધી સારો વર્ષાદ વર્ષશે. જોકે કેટલીએક જગ્યાએ ખંડ વૃષ્ટિ થશે પરંતુ ઘણેક સ્થળે વાવેતરને લાયક વર્ષાદ થવાથી ખેતીનું કામ શરૂ થશે.

આર્દ્રા નક્ષત્રનું ફળ.

આ નક્ષત્ર જેઠ વદી ૩ અને શનિવાર તા. ૨૧ મી જુન સને ૧૯૧૩ ના દિવસે બપોરના બે અને પચ્ચાશ મિનિટે બેસે છે. આ નક્ષત્રના ચૌદ દિવસો પૈકી વર્ષવાનો યોગ એકદરે પાંચજ દિવસનો છે; અને તે પણ સઘળે સ્થળે સરખો વર્ષવાનો યોગ નથી. કેટલાંએક સ્થળોમાં આ નક્ષત્રનો વર્ષાદ મુદ્દલ વર્ષનારજ નથી. અને કેટલાંએક સ્થળોમાં ખેતીને પુરતો પડશે નહિ જેથી વાવેતરનું કામ બંધ રહેશે. પવન અતિશય જોરથી ફુંકાશે. નાશિક, પૂર્વ ખાનદેશ, બેલગામ, ધારવાડ, કોંકણ, વરાડ, મધ્યપ્રાંત, મધ્ય હિન્દુસ્તાન અને મોગલ સેરાઇ એ સ્થળોમાં સાધારણ રીતે ઠીક વર્ષાદ થશે, પરંતુ નગર, પશ્ચિમ ખાનદેશ, સતારા, પુના, વિજાપુર અને ગુજરાત પ્રાંતમાં આ વર્ષાદ ઘણોજ ઓછો એટલે વાવેતરને પુરતો નહિ એવો વર્ષશે.

પુનરવસુ નક્ષત્રનું ફળ.

આ નક્ષત્ર આષાઢ સુદી ૧ અને શનિવાર તા. ૫ મી જુલાઈ સને ૧૯૧૩ ના દિવસે બેસે છે. એમાં વર્ષાદ આર્દ્રા નક્ષત્ર કરતાં થોડોક વધારે અને આઠ દિવસ થશે. તોપણ એ વૃષ્ટિ સઘળે ઠેકાણે

સરખી થાય એવો યોગ નથી. નાશિક, બેલગામ, ધારવાડ, પૂર્વ ખાનદેશ, કોંકણ, વરાડ, મધ્ય પ્રાંત મધ્ય હિન્દુસ્થાન અને નિજામના રાજ્યમાં આ વર્ષાદ થોડો થોડો અને ખંડ વૃષ્ટિથી થશે. નગર, સોલાપુર, પુના, સતારા, પશ્ચિમ ખાનદેશ, વીજાપુર અને ગુજરાત એ પ્રાંતોમાં આ વર્ષાદ ઘણોજ ઓછો વર્ષશે વાવેતરનું કામ કોઇ કોઇ સ્થળે ચાલશે અને કોઇ કોઈ સ્થળે બંધ રહેશે. જો કે ગુજરાત વિગેરે સ્થળોમાં તો એ વર્ષાદ થોડો ઘણો પણ થસે. પરંતુ પુના, સતારા, નગર, સોલાપુર, વીજાપુર અને ખાનદેશ એ જીલ્લાઓમાં આ વર્ષાદ થોડો ઘણો પણ વર્ષશે એવો ખાત્રીલાયક યોગ ઉપજતો નથી.

પુષ્ય નક્ષત્રનું ફળ.

આ નક્ષત્ર આષાઢ વદી ૧ અને શનિવાર તા. ૧૯ જુલાઇ સને ૧૯૧૩ ના રોજ સંધ્યાકાળે બેસે છે. એમાં પણ ઘણો ઓછો વર્ષાદ વર્ષવાનો યોગ છે, એટલે એ નક્ષત્રના ચૌદ દિવસો પૈકી માત્ર પાંચજ દિવસ વર્ષાદ વર્ષશે એમ અનુમાન બંધાય છે. પુના, બેલગામ, ધારવાડ, નાશિક, પૂર્વ ખાનદેશ એ જીલ્લાઓમાં તથા વરાડ, મધ્ય પ્રાંત, મધ્ય હિન્દુસ્થાન, કોંકણ અને નિજામના રાજ્યમાં આ નક્ષત્રનો વર્ષાદ ઘણો સારો પડશે, અને નગર, સોલાપુર. સતારા, વીજાપુર, પશ્ચિમ ખાનદેશ તથા ગુજરાતમાં વૃષ્ટિ ઘણી ઓછી થશે આ નક્ષત્રમાં પવન જોરથી ફુંકાશે અને વૃષ્ટિ અધુરી થશે.

આશ્લેષા નક્ષત્રનું ફળ.

આ નક્ષત્ર અસાડ વદી ૦)) શનિવાર તા. ૨ જી ઓગષ્ટ ના રોજ સાયંકાળે બેસે છે. એનું ફળ એવું છે કે એ નક્ષત્રના ચૌદ

દિવસો ચોથી દશ દિવસ સુધી ઘણો સારો અને સર્વત્ર વર્ષાદ થશે. પૂર્વ ખાનદેશ, બેલગામ, ધારવાડ, પુના એ જીલ્લાઓમાં તથા વરાડ, મધ્ય પ્રાંત, કોંકણ, મધ્ય હિન્દુસ્થાન, અને નિજામના રાજ્યમાં એ વર્ષાદ ઘણો સારો થશે. જો કે નગર, સોલાપુર, વીજાપુર, પશ્ચિમ ખાનદેશ, અને ગુજરાતમાં એ કરતાં કંઇક થોડી વૃષ્ટિ થશે, પરંતુ એકંદરે આ નક્ષત્રનો વર્ષાદ પાછલાં બે નક્ષત્રો કરતાં સારો થસે.

મઘા નક્ષત્રનું ફળ.

આ નક્ષત્ર શ્રાવણ સુદી ૧૫ શનિવાર તા. ૧૬મી ઓગષ્ટ સને ૧૯૧૩ના રોજ સાંજના બેસે છે. એનો વર્ષાદ બધો મળીને સાત દિવસ સુધી ઘણી ખરી જગ્યાએ અને સારો થશે. સોલાપુર, પૂર્વ ખાનદેશ, નાશિક, સતારા, બેલગામ, ધારવાડ અને પુના જીલ્લામાં તથા વરાડ, કોંકણ, મધ્ય પ્રાંત, મધ્ય હિન્દુસ્થાન અને નિઝામ પ્રાંતમાં આ વર્ષાદ ઘણો સારો, જોસબંધ અને સર્વત્ર પડશે. નગર, પશ્ચિમ ખાનદેશ, વીજાપુર અને ગુજરાતમાં આ વર્ષાદ એ કરતાં કંઇક કમી થશે.

પૂર્વા નક્ષત્રનું ફળ.

શ્રાવણ વદી ૧૩ શનિવાર તા. ૩૦મી ઓગષ્ટ સને ૧૯૧૩ના રોજ બપોર પછી આ નક્ષત્ર બેસે છે. એમાં દશ દિવસ સુધી સઘળે ઠેકાણે જોસબંધ વર્ષાદ વર્ષશે. નગર, સોલાપુર, વિજાપુર, પશ્ચિમ ખાનદેશ, અને ગુજરાતમાં આ વર્ષાદ થોડો ઓછો પડશે, પરંતુ નાશિક, પૂર્વ ખાનદેશ, સતારા, બેલગામ, મધ્ય પ્રાંત, મધ્ય હિન્દુસ્થાન, વરાડ, અને કોંકણ પ્રાંતમાં આ વર્ષાદ સૌથી વધારે થશે.

ઉત્તરા નક્ષત્રનું ફળ.

ભાદરવા સુદી ૧૩ અને શનિવાર તા. ૧૩મી સપટેમ્બર સને ૧૯૧૩ના રોજ સવારના આં નક્ષત્ર બેસે છે. એનો વર્ષાદ માત્ર પાંચજ દિવસ વર્ષશે. અને તે પણ સઘળી જગ્યાએ એક સરખો નહિ વર્ષતાં ખંડ વૃષ્ટિ થશે જેથી ખેતીને નુકશાન થશે. નગર, સોલાપુર, વિજાપુર, પશ્ચિમ તથા પૂર્વ ખાનદેશ, નાશિક, સતારા, પુના એ ભાગોમાં આ વર્ષાદની ખંડવૃષ્ટિ થશે. બેલગામ, ધારવાડ જીલ્લો, મધ્ય હિન્દુસ્થાન, મધ્ય પ્રાંત, કોંકણ, વરાડ, અને નિજામના રાજ્યમાં સારી વૃષ્ટિ થશે, અને વીજાપુર તથા સોલાપુર જીલ્લામાં મધ્યમ વૃષ્ટિ થશે.

હસ્ત નક્ષત્રનું ફળ.

ભાદરવા વદી ૫૬ અને શુક્રવાર તા. ૨૬મી સપટેમ્બર સને ૧૯૧૩ના દિવસે મધ્ય રાત્રિ પછી આ નક્ષત્ર બેસે છે. એમાં વૃષ્ટિ બરાબર ન થતાં ઘણી ખરી જગ્યાએ એ નક્ષત્ર કોરૂં પ્રસાર થશે. મધ્ય પ્રાંત, કોંકણ, વરાડ, સોલાપુર, બેલગામ, ધારવાડ, અને વીજાપુર જીલ્લાના કેટલાએક ભાગોમાં આ નક્ષત્રનો સાધારણ વર્ષાદ વર્ષસે પરંતુ નગર, પુના, સતારા, પૂર્વ અને પશ્ચિમ ખાનદેશ તથા નાશિક જીલ્લો અને ગુજરાત પ્રાંતમાં માત્ર વાદળાં થશે પરંતુ વર્ષાદ વર્ષવાનો યોગ નથી.

ચિત્રા, સ્વાતિ, વિશાખા અને અનુરાધા નક્ષત્રો.

આ ચાર નક્ષત્રો પૈકી ચિત્રા અને સ્વાતિ નક્ષત્રનો વર્ષાદ પડવાનો યોગ વિશેષ ઉપજતો નથી, પરંતુ વિશાખા અને અનુરાધા

નક્ષત્રનો વર્ષાદ હિન્દુસ્થાનના ઘણા ખરા ભાગોમાં સારો વર્ષશે જેથી ખેતીવાડીને સારો ફાયદો થશે.

જુદા જુદા વર્તારા ઉપરથી વર્ષનો એકંદર સારાંશ.

આ વર્ષમાં વર્ષાદ સઘળે સ્થળે એક સરખો વર્ષશે નહિ, કેટલીએક જગ્યાએ ઓછો તો કેટલીએક જગ્યાએ વધારે એમ ખંડ વૃષ્ટિથી વર્ષશે. ચોમાસાની શરૂઆતમાં દક્ષિણ અને પશ્ચિમ સમુદ્રને પવન જોસબંધ અને વર્ષાદને અનુકુળ વાશે, અને તેથી મૃગસર નક્ષત્ર બેસતાંજ કોંકણ અને દક્ષિણમાં ચોમાસાની શરૂઆત થશે. પરંતુ પાછળથી એ પવન નરમ પડી જવાથી વર્ષાદના વાતાવરણમાં ઘણોજ ફેરફાર થશે અને તેથી આર્દ્રા, પુનર્વસુ, અને પુષ્પ નક્ષત્રનો વર્ષાદ ઘણોજ ઓછો વર્ષસે, જેથી વાવેતરનું કામ બંધ થઇ જવા ઉપરાંત વાવેલી ખેતી પણ સુકાઇ જઇ ખેડુતોને ઘણુંજ નુકશાન થશે; એ ઉપરથી વ્યાપારીઓ અનાજના ભાવ વધારી દેશે. પરંતુ પુષ્ય નક્ષત્રના છેવટના ચાર પાંચ દિવસો, આશ્લેષા, મઘા, અને પૂર્વા નક્ષત્રની વૃષ્ટિ ઘણીખરી જગ્યાએ સારી થવાથી પાછું ખેતીવાડીનું કામ શરૂ થશે, અને સુકાએલી ખેતીવાડીનો ઘણોખરો ભાગ સારો થશે જેથી દુષ્કાળનો ભય દુર થશે. રવીના પાક કરતાં ખરીફનો પાક સાધારણ રીતે ખરો પાકશે. કારણ રવીના પાકને કેટલાએક જગ્યાએ વર્ષાદની તાણ પડશે, તોપણ કાર્તક અને માગસર મહીનાના માવઠાને લીધે ઘણી ખરી જગ્યાએ રવીના પાકને ફાયદો થશે. સોલાપુર, પુના, સતારા, વિજાપુર, નગર, પશ્ચિમખાનદેશ, નાશિક જીલ્લાનો કેટલોએક ભાગ. તથા ગુજરાતમાં વર્ષાદની કહેવત આવશે અને તેથી ખેતીને નુકશાન થશે. ખાનદેશ, નગર, શોલાપુર, પુના, વિજાપુર અને નાસિક જીલ્લામાં

પ્રયોગનો ઉદ્ભવ થશે. અને વગર જોઈતો પુષ્કળ વર્ષાદ પડશે. એકંદરે આ વર્ષ પાકને માટે બિલકુલ જોઈએ તેવું અનુકુળ નથી.

સેયુ તથા સુતર અને રૂના સંબંધમાં આ વર્ષમાં તેજી કરવાના યોગ અધિક છે, એમ મંદી કરનારાં યોગ થોડા છે, જેથી વધઘટ થઈ છેવટ તેજીની અસર રહેશે.

ચાંદીના સંબંધમાં પણ વધઘટ કરનારા યોગો ઘણા ઉત્પન્ન થયા છે જેથી વારંવાર તેજી મંદી થયાં કરસે.

અફીણ અને ઊનના સબંધમાં જે તેજીનો યોગ ચાલતો હતો તે હવે પુરો થયો છે જેથી ઘણા ભાગે મંદીની અસર રહેશે.

મીલના શેરોના ભાવમાં પણ વધ ઘટ અધિક થશે, પરંતુ છેવટમાં મંદી રહેશે.

વ્યાપારીઓના સંબંધમાં વિચાર કરતાં જણાય છે કે અનાજના ભાવોમાં વારે ઘડીએ વધ ઘટ થનાર હોવાથી મોટા વેપારીઓને લાભ અને પરચુરણ ધીર ધાર કરનારને નુકશાન થશે.

જ્યોતિષ્ય શાસ્ત્ર પ્રમાણે વિચાર કરતાં તો સમજાય છે કે આ વર્ષ ઘણું સારૂં નહિ નિવડે. તેમજ એકંદરે દુષ્કાળ પણ નહિ પડતાં મધ્યમ પ્રકારનું વર્ષ નિવડશે.

અસાડ મહીનામાં વૃષ્ટિની તાણ પડવાથી દુષ્કાળનો ભય ઉત્પન્ન થશે. પરંતુ દીવશે લગભગથી પાછી વૃષ્ટિ શરૂ થઈ શ્રાવણ અને ભાદરવાના સારા વર્ષાદને લીધે શાન્તતા પ્રસરશે. હિન્દુસ્થાનના બીજા ભાગો કરતાં ગુજરાતના માટે આ વર્ષનું ફળ મધ્યમ છે એ ખરૂં પરંતુ આખરે પરીણામ ભુંડું નથી એમ સમજાય છે. પછી તો જે ઈશ્વર કરે તે ખરૂં, કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે—

वत्मे चात्रेश्वरोवेत्ति नाहंवेद्मि कदाचन ।
येजल्पन्ति नरानित्यं ग्रह चारेण हुस्फुटम् ।
तेषायं विमलं कीर्ति नेजायन्ते महीतले ॥

ખરી વાત શું છે તેનું રહસ્ય એક માત્ર પરમાત્માજ જાણે છે. મનુષ્યોની તે જાણવાની બિલકુલ શક્તિ નથી. અને તેથી જ્યોતિષ્ય શાસ્ત્ર કે જે ગ્રહોના આધારે રચેલું એક મનુષ્યકૃત શાસ્ત્ર છે તેના આધારે જેઓ પોતાનું વર્તેલું ભવિષ્ય ફળ સિદ્ધ છે એમ કહેવા માગે છે તેઓ કોઇ વખત હાંસીને પાત્ર થાય છે. કારણ ઇશ્વર પળમાં ચલાય તે કરવાને સામર્થ્યવાન્ છે. અને તેથી ગ્રહોના ભ્રમણને લીધે આ ભૂમંડળ ઉપર થતી અસરનો દીર્ઘ સમય સુધી અનુભવ લઇ ત્રિ-કાળદર્શી મહાત્માઓએ રચેલા જ્યોતિષ્ય શાસ્ત્રના નિયમો વિરૂદ્ધ ફળ આપતાં પણ તે સર્વ શક્તિમાનને કોઇ પણ પ્રકારનો વાંધો આડે આવતો નથી, જેથી ચેતતા નર સદાય સુખી " એ કહેવત ભૂલવા જેવી નથી.

સમાપ્ત

नपुंषकानंदमंदार.

अथवा

कामकुतूहल भाग १–२

આ પુસ્તક પ્રાચીન ગ્રંથોનું મંથન કરી સંગ્રહ કર્યો છે. તેમાં જન્મથી તેમ કેટલાક રોગોથી હીનવીર્ય (નપુંષક) પણું પ્રાપ્ત થાય છે તેવા રોગોનું સંપૂર્ણ નીદાન તેમ તે ઉપર ઘણાક સહેલાઇથી બની શકે તેવા ચુર્ણ ગુટીકા અવલેહ ઘૃતો, પૌષ્ટીક પ્રયોગો વીગેરેનો સંગ્રહ કર્યો છે તેથી કમકૌવત ધાતુક્ષીણ સ્વપ્નાવસ્થા વીર્યશ્રાવ પ્રમેહ-પ્રદર વીગેરે સ્ત્રી પુરૂષોના વીકટ (ગુપ્ત) રોગો માટે બહુજ ઉપયોગી છે તેથી આ પુસ્તક ગૃહસ્થોને સંગ્રહ કરવા યોગ્ય છે. મૂળ સહિત ગુજરાતી ભાષાંતર સારા અક્ષર ને સારા કાગળો ઉપર કિંમત ૧–૦–૦ પોસ્ટેજ ૦–૩–૦

ફોટોગ્રાફિક ચિત્રો સાથેની નવીન વાર્તા.

લતા અને લલિતા,

ભાગ ૧–૨–જો.

દરેક ભાગની કીંમત ૧૨ આના.

બસ, આ વાર્તા જો તમે હજી વાંચી ન હોયતો તમારોજ જન્મારો અફળ ગયો જાણજો ! જરા જુઓતો, તેમાં શીશી બાબતો છે. લતા, લલિતા, સૂર્યસિંહ, સોબતા, રંભા, મોહનાદેવી, જોગીરાજ અને બાળકુમારની ગુંથેલી મનોહર વાર્તા અને નન્દિનીનાં સ્વર્ગમાંથા તત્વો, ઇત્યાદિ ઇત્યાદિ !? જો તમે પુસ્તક જોશો તો તેના ૧૨ આના ફોટોગ્રાફિક ચિત્રોમાંજ વસુલ થયા માનસો ! દરેક ભાગનાં ૨૦૦ પૃષ્ટ, ઉંચી છપાઇ, સોનેરી પાકું પુંઠું.